# જ્યારે તમે અમારી સેવાઓનો ઉપયોગ કરો છો, ત્યારે તમે તમારી માહિતી માટે અમારા પર વિશ્વાસ કરતા હોવ છો. અમે સમજીએ છીએ કે આ એક મોટી જવાબદારી છે. અમે તમારી માહિતીનું રક્ષણ કરવા માટે સખત મહેનત કરીએ છીએ અને તમારા નિયંત્રણમાં મૂકીએ છીએ.

આ ગોપનીયતા નીતિનો હેતુ અમે કઈ માહિતી એકત્રિત કરીએ છીએ, અમે તે શા માટે એકત્રિત કરીએ છીએ અને તમે તમારી માહિતીને કેવી રીતે અપડેટ, સંચાલિત, નિકાસ અને ડિલીટ કરી શકો તે સમજવામાં તમારી સહાય કરવાનો છે.

જો યુરોપિયન યુનિયન અથવા યુનાઇટેડ કિંગડમ ડેટા સંરક્ષણ કાયદો તમારી માહિતીની પ્રક્રિયા પર લાગુ થતો હોય, તો આ કાયદાઓ સાથે તમારા અધિકારો અને Googleના અનુપાલન વિશે વધુ જાણવા માટે, તમે નીચે આપેલા યુરોપિયન આવશ્યકતાઓ વિભાગનો રિવ્યૂ કરી શકો છો.

પ્રાઇવસી ચેકઅપ

તમારા પ્રાઇવસી સેટિંગ બદલવા માગો છો?

પ્રાઇવસી ચેકઅપ કરાવો

અસરકારક 15 નવેમ્બર, 2023 | આર્કાઇવ કરેલ આવૃત્તિ

અમે લાખો લોકોને નવી રીતે દરરોજ વિશ્વ વિશે શોધખોળ કરવા અને તેની સાથે ક્રિયા-પ્રતિક્રિયા કરવામાં સહાય કરે તેવી વિવિધ સેવાઓ બનાવી છે. અમારી સેવાઓમાં નિમ્નલિખિતનો સમાવેશ છે:

- શોધ, YouTube અને Google Home જેવી Google ઍપ, સાઇટ અને ઉપકરણો

- Chrome બ્રાઉઝર અને Android ઑપરેટિંગ સિસ્ટમ જેવા પ્લૅટફૉર્મ
- એવી પ્રોડક્ટ કે જે ત્રીજા પક્ષની ઍપ અને સાઇટ સાથે એકીકૃત છે, જેમ કે Google Ads, Google Analytics અને શામેલ Google Maps

તમારી પ્રાઇવસી મેનેજ કરવા માટે તમે અમારી સેવાઓનો ઉપયોગ વિવિધ રીતે કરી શકો છો. ઉદાહરણ તરીકે, જો તમે ઇમેઇલ અને ફોટા જેવું કન્ટેન્ટ બનાવવા અને તેને મેનેજ કરવા માગતા હો અથવા તો વધુ સુસંગત શોધ પરિણામો જોવા માગતા હો, તો તમે Google એકાઉન્ટ માટે સાઇન અપ કરી શકો છો. આ ઉપરાંત જ્યારે તમે સાઇન આઉટ કર્યું હોય ત્યારે અથવા કોઈપણ એકાઉન્ટ બનાવ્યું ન હોય તો પણ, Google પર શોધખોળ કરવા કે YouTube વીડિયો જોવા જેવી Googleની ઘણી સેવાઓનો ઉપયોગ કરી શકો છો. તમે Chromeના છૂપા મોડ જેવા ખાનગી મોડનો ઉપયોગ કરીને વેબ બ્રાઉઝ કરવાનું પણ પસંદ કરી શકો છો. સાથે જ તમે અમારી બધી સેવાઓમાં અમે જે કંઈ એકત્રિત કરીએ છીએ તે અને તમારી માહિતીનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવે, તેને નિયંત્રિત કરવા માટે તમારા પ્રાઇવસી સેટિંગ ગોઠવી શકો છો.

વસ્તુઓને બને એટલી સ્પષ્ટ રીતે સમજાવવા માટે, અમે ઉદાહરણો, વ્યાખ્યાત્મક વીડિઓ અને મુખ્ય શબ્દો માટે વ્યાખ્યાઓ ઉમેરી છે. અને જો તમને આ ગોપનીયતા નીતિ વિશે વધુ કોઈપણ પ્રશ્નો હોય, તો તમે અમારો સંપર્ક કરી શકો છો.

GOOGLE એકત્રિત કરે છે તે માહિતી

## અમારી સેવાઓનો ઉપયોગ કરતી વખતે અમે એકત્રિત કરીએ છીએ તે પ્રકારની માહિતીને તમે સમજો એમ અમે ઇચ્છીએ છીએ

તમે કઈ ભાષા બોલો છો, વધુ જટિલ વસ્તુઓ જેવી કે તમને કઈ જાહેરાતો સૌથી વધુ ઉપયોગી લાગે છે એ લોકો જે તમારા માટે ઑનલાઇન સૌથી અગત્યનાં છે, અથવા કયા YouTube વીડિઓ તમને ગમશે જેવી મૂળભૂત સામગ્રીનું અનુમાન લગાવીને અમે અમારા બધા વપરાશકર્તાઓને વધુ સારી સેવા પ્રદાન કરવા માટે માહિતી એકત્રિત કરીએ છીએ. Google એકત્રિત કરે છે તે માહિતી, અને તે માહિતીનો ઉપયોગ કેવી રીતે થાય છે, તે તમે અમારી સેવાઓનો ઉપયોગ કેવી રીતે કરો છો અને તમે તમારા ગોપનીયતા નિયંત્રણોને કેવી રીતે સંચાલિત કરો છો તેના પર આધારિત છે.

જ્યારે તમે Google એકાઉન્ટમાં સાઇન ઇન કર્યું ન હોય, ત્યારે તમે ઉપયોગ કરી રહ્યાં હો તે બ્રાઉઝર, ઍપ્લિકેશન અથવા ડિવાઇસ સાથે જોડેલા વિશિષ્ટ ઓળખકર્તાઓ વડે અમે એકત્રિત કરીએ છીએ તે માહિતીને સ્ટોર કરીએ

છીએ. આને કારણે અમને બ્રાઉઝિંગના સત્રોમાં તમારી પસંદગીઓ જાળવી રાખવા જેવી ઘણી બાબતો કરવાની મંજૂરી મળે છે, જેમ કે તમારી પસંદગીની ભાષા અથવા તમારી પ્રવૃત્તિના આધારે તમને વધુ સુસંગત શોધ પરિણામો કે જાહેરાતો બતાવવી કે નહીં.

જ્યારે તમે સાઇન ઇન કરેલ હોય, ત્યારે અમે તમારા Google એકાઉન્ટમાં સ્ટોર કરેલી માહિતીને પણ એકત્રિત કરીએ છીએ, જેને અમે વ્યક્તિગત માહિતી તરીકે ગણીએ છીએ.

## તમે બનાવો અથવા અમને પ્રદાન કરો છો તેવી વસ્તુઓ

જ્યારે તમે કોઈ Google એકાઉન્ટ બનાવો, ત્યારે તમે અમને તમારી વ્યક્તિગત માહિતી પ્રદાન કરો છો, જેમાં તમારું નામ અને પાસવર્ડ શામેલ હોય છે. તમે તમારા એકાઉન્ટમાં કોઈ ફોન નંબર અથવા ચુકવણીની માહિતી ઉમેરવાનું પણ પસંદ કરી શકો છો. જો તમે કોઈ Google એકાઉન્ટમાં સાઇન ઇન કર્યું ન હોય, તો પણ તમે Google સાથે વાતચીત કરવા કે અમારી સેવાઓ વિશે અપડેટ મેળવવા માટે, ઇમેઇલ ઍડ્રેસ જેવી માહિતી પ્રદાન કરવાનું પસંદ કરી શકો છો.

તમે અમારી સેવાનો ઉપયોગ કરતી વખતે તમે બનાવો, અપલોડ કરો અથવા અન્ય લોકો તરફથી પ્રાપ્ત કરો છો તે સામગ્રી પણ અમે એકત્રિત કરી શકીએ છીએ. આમાં તમે લખો અને પ્રાપ્ત કરો તે ઇમેઇલ, તમે સાચવો તે ફોટા અને વીડિઓ, તમે બનાવો તે દસ્તાવેજો અને સ્પ્રેડશીટ અને તમે YouTube વીડિઓ પર કરો તે ટિપ્પણીઓ શામેલ છે.

## તમે અમારી સેવાઓનો ઉપયોગ કરો ત્યારે અમે એકત્રિત કરીએ તે માહિતી

### તમારી ઍપ, બ્રાઉઝર અને ઉપકરણો

Google સેવાઓને ઍક્સેસ કરવા માટે તમે ઉપયોગમાં લો છો તે ઍપ, બ્રાઉઝર અને ઉપકરણો વિશેની માહિતીને અમે એકત્રિત કરીએ છીએ, જે આપમેળે પ્રોડક્ટ અપડેટ અને તમારી બૅટરી ઓછી થાય તો તમારી સ્ક્રીનને ઝાંખી કરવા જેવી સુવિધાઓ પ્રદાન કરવામાં અમને સહાય કરે છે.

અમે જે માહિતી એકત્રિત કરીએ છીએ તેમાં વિશેષ ઓળખકર્તાઓ, બ્રાઉઝરનો પ્રકાર અને સેટિંગ, ઉપકરણનો પ્રકાર અને સેટિંગ, ઑપરેટિંગ સિસ્ટમ, કૅરિઅરનું નામ અને ફોન નંબર સહિત મોબાઇલ નેટવર્કની માહિતી અને ઍપ્લિકેશનના આવૃત્તિનો સમાવેશ થાય છે. અમે IP ઍડ્રેસ, ક્રૅશ રિપોર્ટ, સિસ્ટમ પ્રવૃત્તિ અને તારીખ, સમય તથા તમારી વિનંતીનું રેફરલ આપનાર URL સહિત, તમારી ઍપ, બ્રાઉઝર અને ઉપકરણોની અમારી સેવાઓ સાથેની ક્રિયા-પ્રતિક્રિયા વિશેની માહિતીને પણ એકત્રિત કરીએ છીએ.

જ્યારે તમારા ડિવાઇસ પરની Google સેવા અમારા સર્વરનો સંપર્ક કરે — ઉદાહરણ તરીકે, જ્યારે તમે Play Storeમાંથી કોઈ ઍપ ઇન્સ્ટૉલ કરો ત્યારે અથવા જ્યારે સેવા ઑટોમૅટિક રીતે અપડેટ માટે ચેક કરતી હોય ત્યારે અમે આ માહિતી એકત્રિત કરીએ છીએ. જો તમે Google ઍપવાળા Android ડિવાઇસનો ઉપયોગ કરી રહ્યાં હો, તો તમારા ડિવાઇસ અને અમારી સેવાઓના કનેક્શન વિશેની માહિતી પ્રદાન કરવા માટે તમારું ડિવાઇસ સમયાંતરે Google સર્વરનો સંપર્ક કરે છે. આ માહિતીમાં તમારા ડિવાઇસનો પ્રકાર, મોબાઇલ ઑપરેટરનું નામ, ક્રૅશ રિપોર્ટ, તમે કઇ ઍપ ઇન્સ્ટૉલ કરેલી છે અને તમારા ડિવાઇસ સેટિંગના આધારે તમે તમારા Android ડિવાઇસનો ઉપયોગ કેવી રીતે કરો છો, તેના વિશેની અન્ય માહિતી જેવી બાબતોનો સમાવેશ હોય છે.

## તમારી પ્રવૃત્તિ

અમે અમારી સેવાઓમાં તમારી પ્રવૃત્તિ વિશેની માહિતી એકત્રિત કરીએ છીએ, જેનો ઉપયોગ અમે કદાચ તમને પસંદ આવી શકે તેવા YouTube વીડિઓ વિશે સુઝાવ આપવા જેવી વસ્તુઓ માટે કરીએ છીએ. અમે એકત્રિત કરીએ તે પ્રવૃત્તિ માહિતીમાં આનો સમાવેશ હોઈ શકે છે:

- તમે શોધો છો તે શબ્દો
- તમે જુઓ છો તે વીડિઓ
- સામગ્રી અને જાહેરાતો જોવાયાની સંખ્યા અને ક્રિયા-પ્રતિક્રિયાઓ
- વૉઇસ અને ઑડિયોની માહિતી
- ખરીદી સંબંધિત પ્રવૃત્તિ
- લોકો કે જેની સાથે તમે વાર્તાલાપ કરો છો અથવા સામગ્રી શેર કરો છો
- અમારી સેવાઓનો ઉપયોગ કરતી તૃતીય-પક્ષ સાઇટ અને ઍપ પરની પ્રવૃત્તિ
- તમે તમારા Google એકાઉન્ટ સાથે સિંક કરેલ Chrome બ્રાઉઝિંગ ઇતિહાસ

જો તમે અમારી સેવાઓને કૉલ કરવા અને મેળવવા કે સંદેશા મોકલવા અને મેળવવા માટે ઉપયોગમાં લેતા હો, તો અમે તમારા ફોન નંબર, કૉલ કરનાર પાર્ટીનો નંબર, કૉલ મેળવનાર પાર્ટીનો નંબર, ફૉર્વર્ડિંગ નંબર, મોકલનાર અને મેળવનારના ઇમેઇલ ઍડ્રેસ, કૉલ અને સંદેશાનો સમય અને તારીખ, કૉલની અવધિ, રૂટિંગ માહિતી તેમજ કૉલ અને સંદેશાના પ્રકારો અને વૉલ્યૂમ જેવી કૉલ અને સંદેશાના લૉગની માહિતી એકત્રિત કરી શકીએ છીએ.

તમે તમારા એકાઉન્ટમાં સાચવેલી પ્રવૃત્તિ વિશેની માહિતી શોધવા અને સંચાલિત કરવા માટે તમારા Google એકાઉન્ટની મુલાકાત લઈ શકો છો.

Google એકાઉન્ટ પર જાઓ

## તમારી સ્થાન માહિતી

જ્યારે તમે અમારી સેવાઓનો ઉપયોગ કરો ત્યારે અમે તમારા સ્થાન વિશેની માહિતી એકત્રિત કરીએ છીએ, જે ડ્રાઇવિંગના દિશાનિર્દેશો બતાવવા, તમારી આસપાસની વસ્તુઓ અનુસાર શોધ પરિણામો આપવા અને તમારા સ્થાનની સામાન્ય માહિતીના આધારે જાહેરાતો બતાવવા જેવી સુવિધાઓ ઑફર કરવામાં અમારી સહાય કરે છે.

તમારું સ્થાન નિમ્નલિખિત દ્વારા વિવિધ ચોક્કસતા ડિગ્રી વડે નક્કી કરી શકાય છે:

- GPS અને તમારા ડિવાઇસના સેન્સરનો અન્ય ડેટા
- IP સરનામું
- Googleની સેવાઓ પરની પ્રવૃત્તિ, જેમ કે તમારી શોધ અને એવા સ્થાન જેને તમે ઘર કે ઑફિસ તરીકે લેબલ કર્યા હોય
- તમારા ઉપકરણની નજીકમાં હોય એવી વસ્તુઓ વિશેની માહિતી, જેમ કે વાઇ-ફાઇ ઍક્સેસ પૉઇન્ટ, સેલ ટાવર અને જેમાં બ્લૂટૂથ ચાલુ હોય એવા ઉપકરણો

અમે એકત્રિત કરીએ છીએ તે સ્થાનના ડેટાના પ્રકાર અને અમે તેને કેટલા સમય સુધી સાચવીએ છીએ, તે તમારા ડિવાઇસ અને એકાઉન્ટ સેટિંગના ભાગના આધારે હોય છે. ઉદાહરણ તરીકે, ડિવાઇસની સેટિંગ ઍપનો ઉપયોગ કરીને તમે તમારા Android ડિવાઇસમાં સ્થાન સેવા ચાલુ અથવા બંધ કરી શકો છો. તમે તમારા એકાઉન્ટમાં જેનાથી સાઇન ઇન કર્યું તે ડિવાઇસ સાથે જ્યાં જાઓ તે સ્થાનનો ખાનગી નકશો બનાવવા માગતા હો, તો પણ તમે સ્થાન ઇતિહાસ ચાલુ કરી શકો છો. આ સાથે જ જો તમારી વેબ અને ઍપ પ્રવૃત્તિનું સેટિંગ ચાલુ કરેલું હોય, તો Google સેવાઓમાં કરવામાં આવેલી તમારી શોધ અને અન્ય પ્રવૃત્તિ તમારા Google એકાઉન્ટમાં સાચવવામાં આવે છે, આ પ્રવૃત્તિમાં સ્થાનની માહિતી પણ શામેલ હોઈ શકે છે. અમે સ્થાનની માહિતીનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ તેના વિશે વધુ જાણો.

---

કેટલીક પરિસ્થિતિઓમાં, Google સાર્વજનિક રીતે ઍક્સેસ કરી શકાતા સૉર્સમાંથી પણ તમારા વિશે માહિતી એકત્રિત કરે છે. ઉદાહરણ તરીકે, જો તમારા સ્થાનિક સમાચારપત્રમાં તમારું નામ દેખાય, તો Googleનું શોધ એન્જિન તે લેખને અનુક્રમિત કરી શકે છે અને જો અન્ય લોકો તમારું નામ શોધે, તો તેમને તે બતાવી શકે છે. અમે વિશ્વસનીય ભાગીદારો પાસેથી પણ તમારા વિશે માહિતી એકત્રિત કરી શકીએ છીએ, જેમકે ડિરેક્ટરી સેવાઓ જે અમને Googleની સેવાઓ પર બતાવવા માટે વ્યવસાયની માહિતી પ્રદાન કરે છે, માર્કેટિંગ ભાગીદારો જે અમને અમારી વ્યાવસાયિક સેવાઓના સંભવિત ગ્રાહકો વિશે માહિતી પ્રદાન કરે છે અને સુરક્ષા માટેના ભાગીદારો જે

અમને દુરુપયોગથી સુરક્ષા કરવા માટે માહિતી પ્રદાન કરે છે. જાહેરાત ભાગીદારો વતી જાહેરાત અને સંશોધન સંબંધિત સેવાઓ આપવા માટે, અમને તેમની પાસેથી પણ માહિતી મળે છે.

અમે કુકી, પિક્સેલ ટૅગ, સ્થાનિક સ્ટોરેજ, જેમ કે બ્રાઉઝર વેબ સ્ટોરેજ અથવા ઍપ્લિકેશન ડેટા કૅશ, ડેટાબેઝ અને સર્વર લૉગ સહિતની માહિતી એકત્રિત અને સ્ટોર કરવા માટે વિવિધ ટેકનોલોજીનો ઉપયોગ કરીએ છીએ.

---

GOOGLE શા માટે ડેટા એકત્રિત કરે છે

# ડેટાનો ઉપયોગ અમે સેવાઓના બહેતર નિર્માણ માટે કરીએ છીએ

અમારી બધી સેવાઓથી એકત્રિત કરીએ છીએ તે માહિતીનો ઉપયોગ અમે નિમ્નલિખિત હેતુઓ માટે કરીએ છીએ:

## અમારી સેવાઓ પ્રદાન કરવા માટે

અમે તમારી માહિતીનો ઉપયોગ પરિણામ પરત કરવા માટે તમારા શોધ શબ્દોની પ્રક્રિયા કરવા અને તમારા સંપર્કોમાંથી પ્રાપ્તકર્તાઓ સૂચવીને તમને સામગ્રી શેર કરવામાં સહાય કરવા જેવી અમારી સેવાઓ વિતરિત કરવા માટે કરીએ છીએ.

## અમારી સેવાઓ જાળવી રાખવા અને બહેતર બનાવવા માટે

અમે તમારી માહિતીનો ઉપયોગ અમારી સેવાઓ હેતુ મુજબ કાર્ય કરે છે તેની ખાતરી કરવા માટે પણ કરીએ છીએ, જેમ કે અવરોધોને ટ્રૅક કરવા અથવા તમે અમને જાણ કરો તે સમસ્યાઓનું નિવારણ કરવા માટે. અને અમે તમારી માહિતીનો ઉપયોગ અમારી સેવાઓમાં સુધારા કરવા માટે કરીએ છીએ — ઉદાહરણ તરીકે, કયા શોધ શબ્દોની સૌથી વધુ વાર ખોટી જોડણી થઈ છે તે સમજવા જે અમને અમારી બધી સેવાઓ પર જોડણીની તપાસની સુવિધાઓને બહેતર બનાવવામાં સહાય કરે છે.

## નવી સેવાઓના વિકાસ માટે

અમે એકત્રિત કરીએ છીએ તે માહિતીનો ઉપયોગ અમે નવી સેવાઓ વિકસાવવામાં અમારી સહાય માટે વર્તમાન સેવાઓમાં કરીએ છીએ. ઉદાહરણ તરીકે, લોકો Googleની પ્રથમ ફોટો ઍપ, Picasaમાં તેમના ફોટા કેવી રીતે ગોઠવે છે તે સમજવા, જે Google ફોટોને ડિઝાઇન કરવા અને લૉન્ચ કરવામાં અમારી સહાય કરે છે.

## સામગ્રી અને જાહેરાતો સહિત, મનગમતી સેવાઓ પ્રદાન કરવા માટે

અમે એકત્રિત કરીએ છીએ તે માહિતીનો ઉપયોગ અમે સુઝાવો, મનગમતું સામગ્રી અને કસ્ટમાઇઝ કરેલ શોધ પરિણામો પ્રદાન કરવા સહિત, તમારા માટે અમારી સેવાઓને કસ્ટમાઇઝ કરવા માટે કરીએ છીએ, ઉદાહરણ તરીકે, સુરક્ષા તપાસ તમારી Google પ્રોડક્ટનો ઉપયોગ કરવાની રીતને અનુરૂપ સુરક્ષા ટિપ પ્રદાન કરે છે. અને Google Play કદાચ તમને પસંદ આવી શકે તેવી ઍપ સૂચવવા માટે તમે પહેલેથી ઇન્સ્ટૉલ કરે ઍપ અને તમે YouTube પર જોયેલા વીડિઓ જેવી માહિતીનો ઉપયોગ કરે છે.

તમારા સેટિંગના આધારે, તમારી રૂચિઓના આધારે અમે તમને કદાચ મનગમતી બનાવેલી જાહેરાતો પણ બતાવી શકીએ. ઉદાહરણ તરીકે, જો તમે “માઉન્ટેન બાઇક” શોધો છો, તો તમને YouTube પર કદાચ રમતગમતના સાધનની જાહેરાતો જોવા મળી શકે. તમે મારું જાહેરાત કેન્દ્રમાં તમારા જાહેરાત સેટિંગની મુલાકાત લઈને અમે તમને જાહેરાતો બતાવવા માટે કઈ માહિતીનો ઉપયોગ કરી શકીએ તે નિયંત્રિત કરી શકો છો.

- અમે જાતિ, ધર્મ અને જાતીય અભિગમ અથવા આરોગ્ય જેવી સંવેદનશીલ કૅટેગરીના આધારે તમને મનગમતી જાહેરાતો બતાવી શકતા નથી.
- અમે Drive, Gmail કે Photosમાંના કન્ટેન્ટના આધારે તમને મનગમતી જાહેરાતો બતાવતા નથી.
- તમે જ્યાં સુધી અમને કહો નહીં ત્યાં સુધી અમે જાહેરાતકર્તાઓ સાથે તમને વ્યક્તિગત રીતે ઓળખે એવી માહિતી શેર કરતા નથી, જેમ કે તમારું નામ અથવા ઇમેઇલ ઍડ્રેસ. ઉદાહરણ તરીકે, જો તમને નજીકની ફૂલની દુકાન માટે કોઈ જાહેરાત દેખાઈ અને “કૉલ કરવા માટે ટૅપ કરો” બટન પસંદ કરો છો, તો અમે તમારો કૉલ કનેક્ટ કરીશું અને ફૂલની દુકાન સાથે તમારો ફોન નંબર શેર કરી શકી છીએ.

---

'મારું જાહેરાત કેન્દ્ર' પર જાઓ

---

## કાર્યપ્રદર્શનનું આકલન કરવું

અમે અમારી સેવાઓનો ઉપયોગ કેવી રીતે થાય છે તે સમજવા માટે વિશ્લેષણો અને આકલન માટેના ડેટાનો ઉપયોગ કરીએ છીએ. ઉદાહરણ તરીકે, અમે પ્રોડક્ટની ડિઝાઇન સુધારવા જેવી બાબતો કરવા માટે અમારી સાઇટની તમારી મુલાકાતો વિશેના ડેટાનું વિશ્લેષણ કરીએ છીએ. તે ઉપરાંત, તમે જે જાહેરાતો સાથે

ક્રિયાપ્રતિક્રિયા કરો છો તેના વિશેનો ડેટા પણ અમે જાહેરાતકર્તાઓ સાથે શેર કરી શકીએ છીએ કે જેથી તેમની જાહેરાત ઝુંબેશોના કાર્યપ્રદર્શનને સમજવામાં તેમને સહાય મળી શકે. આ કરવા માટે અમે, Google Analytics સહિત વિવિધ પ્રકારના ટૂલનો ઉપયોગ કરીએ છીએ. જ્યારે તમે Google Analyticsનો ઉપયોગ કરતી કોઈ સાઇટની મુલાકાત લો અથવા કોઈ ઍપનો ઉપયોગ કરો, ત્યારે Google Analyticsના કોઈ ગ્રાહક, અમારી જાહેરાત સેવાઓનો ઉપયોગ કરતી હોય તેવી અન્ય સાઇટ કે ઍપની પ્રવૃત્તિ સાથે તે સાઇટ કે ઍપની તમારી પ્રવૃત્તિ વિશેની માહિતીને લિંક કરવા માટે Googleને ચાલુ કરવાનું પસંદ કરી શકે છે.

## તમારી સાથે વાર્તાલાપ કરવા માટે

અમે સીધી તમારી સાથે ક્રિયા-પ્રતિક્રિયા કરવા માટે, તમારા ઇમેઇલ ઍડ્રેસ જેવી અમે એકત્રિત કરીએ છીએ તે માહિતીનો ઉપયોગ કરી શકીએ છીએ. ઉદાહરણ તરીકે, જો અમને કોઈ અસામાન્ય સ્થાનથી તમારા Google એકાઉન્ટમાં સાઇન ઇન કરવાનો પ્રયાસ કરવા જેવી શંકાસ્પદ પ્રવૃત્તિ મળે, તો અમે તમને નોટિફિકેશન મોકલી શકીએ છીએ. અથવા અમે અમારી સેવાઓમાં આગામી ફેરફારો અથવા સુધારાઓ વિશે તમને જણાવી શકીએ છીએ. અને જો તમે Googleનો સંપર્ક કરો છો, તો તમે સામનો કરતા હોય એવી કોઈપણ સમસ્યાઓ હલ કરવામાં તમારી સહાય માટે તમારી વિનંતીઓનો રેકોર્ડ રાખી શકીએ છીએ.

## Google, અમારા વપરાશકર્તાઓ અને લોકોનું રક્ષણ કરવા માટે

અમે અમારી સેવાઓની સલામતી અને વિશ્વસનીયતાને બહેતર બનાવવામાં સહાય માટે માહિતીનો ઉપયોગ કરીએ છીએ. આમાં છેતરપિંડી, દુરુપયોગ, સુરક્ષા સંબંધિત જોખમો અને ટેક્નિકલ સમસ્યાઓને શોધવી, તેની અટકાવવી અને તેનો પ્રતિસાદ આપવા જેવી બાબતો શામેલ છે કે જે Google, અમારા વપરાશકર્તાઓ અથવા લોકોને નુકસાન પહોંચાડી શકે છે.

---

અને આ હેતુસર તમારી માહિતીની પ્રક્રિયા કરવા માટે અમે અલગ-અલગ ટેક્નોલોજીઓનો ઉપયોગ કરી શકીએ છીએ. અમે આપમેળે ચાલતી સિસ્ટમનો ઉપયોગ પણ કરી શકીએ છીએ કે જે તમને કસ્ટમાઇઝ કરેલ શોધ પરિણામો, મનગમતી જાહેરાતો અથવા અન્ય સુવિધાઓ જેવી વસ્તુઓ અથવા તમે અમારી સેવાઓનો ઉપયોગ કેવી રીતે કરો છો તેને અનુરૂપ અન્ય સુવિધાઓ પ્રદાન કરવા માટે તમારા સામગ્રીનું વિશ્લેષણ કરે છે. અને સ્પામ, માલવેર અને ગેરકાનૂની સામગ્રી જેવા દુરુપયોગ શોધવામાં અમારી સહાય માટે અમે તમારા સામગ્રીનું વિશ્લેષણ કરીએ છીએ. અમે ડેટામાં પૅટર્નને ઓળખવા માટે ઍલ્ગોરિધમનો ઉપયોગ પણ કરી શકીએ છીએ. ઉદાહરણ તરીકે, Google અનુવાદ તમે તેને કહો તે શબ્દસમૂહોમાં સામાન્ય ભાષા પૅટર્ન શોધીને લોકોને બધી ભાષાઓમાં વાતચીત કરવામાં સહાય કરે છે.

અમે ઉપર જણાવેલ હેતુઓ માટે અમારી સેવાઓ અને તમારા બધા ઉપકરણોમાં અમે એકત્રિત કરીએ છીએ તે માહિતીને જોડી શકીએ છીએ. ઉદાહરણ તરીકે, જો તમે YouTube પર ગિટાર પ્લેયરનો વીડિઓ જુઓ છો, તો તમને કદાચ અમારી જાહેરાત પ્રોડક્ટનો ઉપયોગ કરતી હોય તે સાઇટ પર ગિટારના લેસન દેખાઈ શકે છે. તમારી

એકાઉન્ટ સેટિંગના આધારે, Googleની સેવાઓ અને Google દ્વારા વિતરિત થતી જાહેરાતોને બહેતર બનાવવા માટે અન્ય સાઇટ અને ઍપ પરની તમારી પ્રવૃત્તિને તમારી વ્યક્તિગત માહિતી સાથે જોડવામાં આવી શકે છે.

જો અન્ય વપરાશકર્તાઓ પાસે પહેલેથી જ તમારું ઇમેઇલ ઍડ્રેસ અથવા તમને ઓળખી શકે તેવી અન્ય માહિતી હોય, તો અમે તેમને તમારી સાર્વજનિક રીતે દૃશ્યક્ષમ Google એકાઉન્ટ માહિતી બતાવી શકીએ છીએ, જેમ કે તમારું નામ અને ફોટો. ઉદાહરણ તરીકે, આ લોકોને તમારા તરફથી આવતો ઇમેઇલ ઓળખવામાં સહાય કરી શકે છે.

આ ગોપનીયતા નીતિમાં આવરી લેવામાં આવેલ ન હોય તેવા હેતુ માટે તમારી માહિતીનો ઉપયોગ કરતા પહેલાં અમે તમારી સંમતિ લઈશું.

---

તમારા ગોપનીયતા નિયંત્રણો

# તમે અમે એકત્રિત કરીએ તે માહિતી અને તેના ઉપયોગ કરવાની રીત સંબંધિત પસંદગીઓ ધરાવો છો

આ વિભાગ અમારી સેવાઓ પર તમારી ગોપનીયતાને સંચાલિત કરવા માટેના મુખ્ય નિયંત્રણોનું વર્ણન કરે છે. તમે ગોપનીયતા તપાસની મુલાકાત પણ લઈ શકો છો, જે મહત્વપૂર્ણ ગોપનીયતા સેટિંગનું રિવ્યૂ કરવાની અને તેને સમાયોજિત કરવાની તક પ્રદાન કરે છે. આ સાધનો ઉપરાંત, અમે અમારા પ્રોડક્ટમાં વિશેષ ગોપનીયતા સેટિંગ પણ ઑફર કરીએ છીએ — તમે અમારી પ્રોડક્ટ ગોપનીયતા ગાઇડમાં વધુ જાણી શકો છો.

ગોપનીયતા તપાસ પર જાઓ

## તમારી માહિતીને સંચાલિત કરવી, રિવ્યૂ કરવી અને અપડેટ કરવી

જ્યારે તમે સાઇન ઇન કર્યું હોય ત્યારે, તમે ઉપયોગ કરો છો તે સેવાઓની મુલાકાત લઈને હંમેશાં તમે માહિતીનું રિવ્યૂ કરીને તેને અપડેટ કરી શકો છો. ઉદાહરણ તરીકે, ફોટો અને ડ્રાઇવ બન્નેને તમે Google પર સાચવેલ વિશેષ પ્રકારના સામગ્રીને સંચાલિત કરવામાં તમારી સહાય કરવા માટે ડિઝાઇન કરવામાં આવેલ છે.

અમે તમારા Google એકાઉન્ટમાં સાચવેલ માહિતીનું રિવ્યૂ અને નિયંત્રણ કરવા તમારા માટે અમે એક સ્થાન પણ બનાવ્યું છે. તમારા Google એકાઉન્ટમાં આનો સમાવેશ થાય છે:

## ગોપનીયતા નિયંત્રણો

### પ્રવૃત્તિ નિયંત્રણો

તમે તમારા એકાઉન્ટમાં કયા પ્રકારની માહિતી સાચવવા માગો છો તે નક્કી કરો. ઉદાહરણ તરીકે, જો તમે YouTube ઇતિહાસ ચાલુ કર્યો હોય, તો તમે જુઓ છો તે વીડિયો અને તમે શોધો છો તે વસ્તુઓ તમારા એકાઉન્ટમાં સાચવવામાં આવે છે, જેથી તમને બહેતર સુઝાવો મળી શકે તેમજ એ યાદ રાખી શકાય કે છેલ્લે તમે ક્યાં થોભાવ્યું હતું અને જો તમે વેબ અને ઍપ પ્રવૃત્તિ ચાલુ કરી હોય, તો Googleની અન્ય સેવાઓમાં કરવામાં આવેલી તમારી શોધ અને પ્રવૃત્તિ તમારા એકાઉન્ટમાં સાચવવામાં આવે છે, જેથી તમને વધુ મનગમતા બનાવેલા અનુભવો મળી શકે, જેમ કે વધુ ઝડપી શોધ અને ઍપ તેમજ કન્ટેન્ટ માટે વધુ સહાયરૂપ સુઝાવો. વેબ અને ઍપ પ્રવૃત્તિમાં સબસેટિંગ પણ હોય છે, જે તમને એ નિયંત્રિત કરવાની મંજૂરી આપે છે કે Android પર તમે ઇન્સ્ટૉલ અને ઉપયોગ કરો તે ઍપ જેવી Googleની સેવાઓનો ઉપયોગ કરતી અન્ય સાઇટ, ઍપ અને ડિવાઇસ પરની તમારી પ્રવૃત્તિ વિશેની માહિતીને તમારા Google એકાઉન્ટમાં સાચવવામાં અને Googleની સેવાઓને બહેતર બનાવવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે કે નહીં.

પ્રવૃત્તિ નિયંત્રણો પર જાઓ

---

### જાહેરાત સેટિંગ

Google અને જાહેરાત બતાવવા માટે Google સાથે ભાગીદાર હોય તે સાઇટ અને ઍપ પર તમને બતાવેલ જાહેરાતો વિશે તમારી પસંદગીઓને સંચાલિત કરો. તમે તમારી રુચિઓમાં ફેરફાર કરી શકો છો, જાહેરાતોને તમને વધુ અનુરૂપ બનાવવા માટે તમારી વ્યક્તિગત માહિતીને ઉપયોગમાં લેવી કે નહીં તે પસંદ કરી શકો છો અને જાહેરાત કરતી અમુક સેવાઓને ચાલુ અથવા બંધ કરી શકો છો.

'મારું જાહેરાત કેન્દ્ર' પર જાઓ

---

### તમારા વિશે

તમારા Google એકાઉન્ટમાં વ્યક્તિગત માહિતી મેનેજ કરો અને Googleની બધી સેવાઓમાં આ માહિતી કોણ જોઈ શકે તે નિયંત્રિત કરો.

તમારા વિશે ટૅબ પર જાઓ

---

### મિત્રોથી ભલામણો

જાહેરાતોમાં દેખાય છે તે રિવ્યૂ અને સુઝાવો જેવી તમારી પ્રવૃત્તિની બાજુમાં તમારું નામ અને ફોટો બતાવવા કે નહીં તે પસંદ કરો.

મિત્રોથી ભલામણો પર જાઓ

### સાઇટ અને ઍપ કે જે Googleની સેવાઓનો ઉપયોગ કરે છે

Googleની સેવાઓનો ઉપયોગ કરતી Google Analytics જેવી વેબસાઇટ અને ઍપની તમે જ્યારે મુલાકાત લો અથવા તેમની સેવાઓ સાથે ક્રિયાપ્રતિક્રિયા કરો, ત્યારે Google સાથે તેઓ શેર કરી શકે એવી માહિતી મેનેજ કરો.

Googleની સેવાઓનો ઉપયોગ કરતી સાઇટ અથવા ઍપ તરફથી મળતી માહિતીનો ઉપયોગ કરવાની અમારી રીત પર જાઓ

## તમારી માહિતીનું રિવ્યૂ અને અપડેટ કરવાની રીતો

### મારી પ્રવૃત્તિ

મારી પ્રવૃત્તિની સહાયથી, તમે જ્યારે સાઇન ઇન કર્યું હોય અને Googleની સેવાઓનો ઉપયોગ કરતા હો ત્યારે તમારા Google એકાઉન્ટમાં સાચવવામાં આવેલા ડેટાનો રિવ્યૂ તમે કરી શકો છો અને તેને નિયંત્રિત કરી શકો છો, જેમ કે તમે કરેલી શોધ અથવા તમારી Google Playની મુલાકાતો. તમે તારીખ તથા વિષય અનુસાર બ્રાઉઝ કરી શકો છો અને તમારી પ્રવૃત્તિને આંશિક રીતે અથવા સંપૂર્ણપણે ડિલીટ કરી શકો છો.

મારી પ્રવૃત્તિ પર જાઓ

### Google ડૅશબોર્ડ

Google ડૅશબોર્ડની મદદથી તમે વિશેષ પ્રોડક્ટ સાથે સંકળાયેલ માહિતીને સંચાલિતસંચાલિત કરી શકો છો.

ડૅશબોર્ડ પર જાઓ

### તમારી વ્યક્તિગત માહિતી

તમારી સંપર્ક માહિતીને સંચાલિત કરો જેમ કે તમારું નામ, ઇમેઇલ અને ફોન નંબર.

વ્યક્તિગત માહિતી પર જાઓ

જ્યારે તમે સાઇન આઉટ કરેલ હોય, ત્યારે તમે નીચે આપેલ સહિત, તમારા બ્રાઉઝર અથવા ઉપકરણ સાથે સંકળાયેલ માહિતીને સંચાલિતસંચાલિત કરી શકો છો:

- સાઇન આઉટ કરેલ શોધ વૈયક્તિકરણ: પસંદ કરો કે તમને સંબંધિત પરિણામો અને સુઝાવો ઑફર કરવા માટે તમારી શોધ પ્રવૃત્તિનો ઉપયોગ કરવો કે નહીં.
- YouTube સેટિંગ: તમારો YouTube શોધ ઇતિહાસ અને તમારો YouTube જોવાયાનો ઇતિહાસ થોભાવો અને ડિલીટ કરો.
- જાહેરાત સેટિંગ: Google અને જાહેરાત બતાવવા માટે Google સાથે ભાગીદાર હોય તે સાઇટ અને ઍપ પર તમને બતાવેલ જાહેરાતો વિશે તમારી પસંદગીઓને સંચાલિત કરો.

## તમારી માહિતીની નિકાસ કરવા, કાઢી નાખવા અને ડિલીટ કરવા વિશે

તમે તમારા Google એકાઉન્ટમાં સામગ્રીની કૉપિ નિકાસ કરી શકો છો જો તમે તેનો બૅકઅપ લેવા માગતા હોય અથવા Google સિવાયની સેવાઓ સાથે તેનો ઉપયોગ કરવા માગતા હોય.

તમારો ડેટા નિકાસ કરો

તમારી માહિતી ડિલીટ કરવા માટે, તમે આ કરી શકો છો:

- વિશેષ Google સેવાઓમાંથી તમારું સામગ્રી ડિલીટ કરી શકો છો
- મારી પ્રવૃત્તિનો ઉપયોગ કરીને તમારા એકાઉન્ટમાં વિશેષ આઇટમને શોધીને પછી તેને ડિલીટ કરી શકો છો
- વિશેષ Google પ્રોડક્ટને ડિલીટ કરી શકો છો, તે પ્રોડક્ટથી સંકળાયેલ તમારી માહિતી પણ ડિલીટ થશે
- તમારું સંપૂર્ણ Google એકાઉન્ટ ડિલીટ કરી શકો છો

તમારી માહિતી ડિલીટ કરી શકો છો

તમે અનપેક્ષિત રીતે તમારા એકાઉન્ટનો ઉપયોગ કરી શકતા ન હો, તો તેવા કિસ્સામાં Inactive Account Manager તમને તમારા Google એકાઉન્ટના ભાગનો ઍક્સેસ કોઈ અન્યને આપવાની મંજૂરી આપે છે.

અને અંતે, તમે લાગુ કાયદા અને અમારી પૉલિસીઓના આધારે, Googleની વિશેષ સેવાઓમાંથી કન્ટેન્ટને કાઢી નાખવાની વિનંતી પણ કરી શકો છો.

---

અહીં આપેલ સહિત, તમે Google એકાઉન્ટ પર સાઇન ઇન કરેલ હોય કે નહીં Google એકત્રિત કરે છે તે માહિતીને નિયંત્રિત કરવાની અન્ય રીતો છે:

- બ્રાઉઝર સેટિંગ: ઉદાહરણ તરીકે, Google ક્યારે તમારા બ્રાઉઝરમાં કુકી સેટ કરે તે દર્શાવવા માટે પણ તમે તમારા બ્રાઉઝરને ગોઠવી શકો છો. તમે વિશેષ ડોમેન અથવા બધા ડોમેનની બધી કુકી બ્લૉક કરવા માટે પણ તમારા બ્રાઉઝરને ગોઠવી શકો છો. પણ યાદ રાખો કે અમારી સેવાઓ તમારી ભાષા પસંદગીઓ યાદ રાખવા જેવી વસ્તુઓ માટે, યોગ્ય રીતે કાર્ય કરવા કુકી પર વિશ્વાસ રાખે છે.
- ઉપકરણ-લેવલની સેટિંગ: તમારું ઉપકરણ એવા નિયંત્રણો ધરાવે છે કે જે અમે કઈ માહિતી એકત્રિત કરીએ તે નક્કી કરી શકે છે. ઉદાહરણ તરીકે, તમે તમારા Android ઉપકરણ પર સ્થાન સેટિંગમાં ફેરફાર કરી શકો છો.

---

તમારી માહિતી શેર કરવી

# જ્યારે તમે તમારી માહિતી શેર કરો ત્યારે

અમારી ઘણી બધી સેવાઓ તમને અન્ય લોકો સાથે માહિતી શેર કરવા દે છે અને કેવી રીતે શેર કરવી તે તમારા નિયંત્રણમાં હોય છે. ઉદાહરણ તરીકે, તમે YouTube પર સાર્વજનિક રૂપે વીડિઓ શેર કરી શકો છો અથવા તમે તમારો વીડિઓ ખાનગી રાખવાનું નક્કી કરી શકો છો. યાદ રાખો કે જ્યારે તમે માહિતીને સાર્વજનિક રૂપે શેર કરો, ત્યારે તમારું સામગ્રી Google શોધ સહિત શોધ એન્જિન મારફતે ઍક્સેસિબલ રહી શકે છે.

જ્યારે તમે સાઇન ઇન કરેલું હોય અને અમુક Google સેવાઓ સાથે ક્રિયા-પ્રતિક્રિયા કરતા હોય, જેમ કે YouTube વીડિયો પર કોમેન્ટ કરતા હોય અથવા Playમાં કોઈ ઍપનો રિવ્યૂ કરતા હોય, ત્યારે તમારું નામ અને ફોટો તમારી પ્રવૃત્તિની બાજુમાં દેખાય છે. અમે તમારા મિત્રોથી ભલામણો સેટિંગના આધારે જાહેરાતોમાં આ માહિતી પણ બતાવી શકીએ છીએ.

# જ્યારે Google તમારી માહિતી શેર કરે ત્યારે

અમે નીચે આપેલ સ્થિતિઓ સિવાય Googleની બહારની કંપનીઓ, સંસ્થાઓ અથવા વ્યક્તિઓ સાથે તમારી વ્યક્તિગત માહિતી શેર કરી શકતા નથી:

## તમારી સંમતિ મેળવીને

જ્યારે અમને તમારી સંમતિ હોય, ત્યારે અમે તમારી વ્યક્તિગત માહિતીને Googleની બહાર શેર કરીશું. ઉદાહરણ તરીકે, જો તમે કોઈ બુકિંગ સેવા મારફતે રિઝર્વેશન કરવા માટે Google Homeનો ઉપયોગ કરો, તો અમે રેસ્ટોરન્ટ સાથે તમારું નામ અથવા ફોન નંબર શેર કરતા પહેલાં તમારી પરવાનગી મેળવીશું. અમે તમને તમારા Google એકાઉન્ટમાં ડેટાનો ઍક્સેસ આપેલી ત્રીજા પક્ષની ઍપ અને સાઇટનો રિવ્યૂ અને તેને મેનેજ કરવા માટેના નિયંત્રણો પણ પ્રદાન કરીએ છીએ. અમે કોઈપણ સંવેદનશીલ વ્યક્તિગત માહિતી શેર કરવા માટે તમારી સ્પષ્ટ સંમતિ મેળવીશું.

## ડોમેન વ્યવસ્થાપકો સાથે

જો તમે વિદ્યાર્થી હો અથવા Google સેવાઓનો ઉપયોગ કરતી કોઈ સંસ્થા માટે કામ કરતા હો, તો તમારા એકાઉન્ટને મેનેજ કરનારા તમારા ડોમેન વ્યવસ્થાપક અને પુનઃવિક્રેતાઓ પાસે તમારા Google એકાઉન્ટનો ઍક્સેસ રહેશે. તેઓ આ કરી શકે છે:

- તમારા ઇમેઇલ જેવા, તમારા એકાઉન્ટમાં સ્ટોર કરેલી માહિતીને ઍક્સેસ કરી અને જાળવી શકે છે
- તમારા એકાઉન્ટ સંબંધિત આંકડા જોઈ શકે છે, જેમ કે તમે કેટલી ઍપ ઇન્સ્ટૉલ કરેલી છે
- તમારો એકાઉન્ટ પાસવર્ડ બદલી શકે છે
- તમારા એકાઉન્ટનો ઍક્સેસ સસ્પેન્ડ અથવા સમાપ્ત કરી શકે છે
- લાગુ પડતા કાયદા, નિયમન, કાનૂની પ્રક્રિયા અથવા લાગુ સરકારી વિનંતીને સંતોષવા માટે તમારા એકાઉન્ટ વિશેની માહિતી પ્રાપ્ત કરી શકે છે
- તમારી માહિતી અથવા તમારી ગોપનીયતા સેટિંગને ડિલીટ કરવા અથવા તેમાં ફેરફાર કરવાની તમારી ક્ષમતાને નિયંત્રિત કરી શકે છે

## બાહ્ય પ્રક્રિયા કરવા માટે

અમારી સૂચનાઓના આધારે અને અમારી પ્રાઇવસી પૉલિસી તથા અન્ય ગોપનીયતા અને સુરક્ષાના માપદંડોનું યોગ્ય પાલન થતું હોય એ અનુસાર અમે અમારા આનુષંગિકો અને અન્ય વિશ્વસનીય વ્યવસાયો કે વ્યક્તિઓને વ્યક્તિગત માહિતી પ્રદાન કરીએ છીએ, જેથી તેઓ અમારા માટે તેના પર પ્રક્રિયા કરી શકે. ઉદાહરણ તરીકે, અમારા ડેટા કેન્દ્રોને ઑપરેટ કરવા, અમારી પ્રોડક્ટ અને સેવાઓ ડિલિવર કરવા, અમારી આંતરિક વ્યાવસાયિક પ્રક્રિયાઓને બહેતર બનાવવા અને ગ્રાહકો તેમજ વપરાશકર્તાઓને વધારાનો સપોર્ટ આપવામાં સહાય માટે અમે સેવા પ્રદાતાઓનો ઉપયોગ કરીએ છીએ. અમે સાર્વજનિક સલામતી માટે YouTube વીડિયોના કન્ટેન્ટનો રિવ્યૂ કરવા અને વપરાશકર્તાના સાચવેલા ઑડિયો સેમ્પલનું વિશ્લેષણ કરવા તથા તેને સાંભળવામાં સહાય માટે પણ સેવા પ્રદાતાઓનો ઉપયોગ કરીએ છીએ, જેથી Googleની ઑડિયો ઓળખવાની ટેક્નોલોજીને બહેતર બનાવવામાં સહાય મળી શકે.

## કાનૂની કારણોસર

અમે Googleની બહારની વ્યક્તિઓ સાથે વ્યક્તિગત માહિતી તો જ શેર કરીશું જો અમને વિશ્વાસ હોય કે માહિતીનો ઍક્સેસ, ઉપયોગ, જાળવણી અથવા સ્પષ્ટતા આ કરવા માટે વ્યાજબી રીતે જરૂરી છે:

- કોઈપણ લાગુ કાયદા, નિયમન, કાનૂની પ્રક્રિયા અથવા લાગુ સરકારી વિનંતીને પૂરી કરવા. અમે અમારા પારદર્શિતા રિપોર્ટમાં પ્રાપ્ત કરીએ છીએ તે વિનંતીઓની સંખ્યા અને પ્રકાર વિશેની માહિતી શેર કરીએ છીએ.
- સંભવિત ઉલ્લંઘનની તપાસ સહિત લાગુ સેવાની શરતોનો અમલ કરવા.
- છેતરપિંડી, સુરક્ષા અથવા તકનીકી સમસ્યાઓ શોધવા અટકાવવા અને હલ કરવા
- કાયદા દ્વારા આવશ્યક અથવા મંજૂર હોય તે મુજબ Google, અમારા વપરાશકર્તાઓ અથવા લોકોના અધિકારો, પ્રોપર્ટી અથવા સલામતી જેવી બાબતોના નુકસાન સામે રક્ષણ કરવા.

અમે વ્યક્તિગત રૂપે ઓળખી ન શકાય તેવી માહિતીને સાર્વજનિક રૂપે અને અમારા ભાગીદારો - જેમ કે પ્રકાશકો, જાહેરાતકર્તાઓ, ડેવલપર અથવા અધિકાર ધારકો સાથે શેર કરી શકીએ છીએ. ઉદાહરણ તરીકે, અમારી સેવાઓના સામાન્ય ઉપયોગ વિશે હાલમાં ચર્ચિત મુદ્દા બતાવવા માટે અમે માહિતીને સાર્વજનિક રૂપે શેર કરીએ છીએ. અમે વિશેષ ભાગીદારોને પણ તેમની કુકી અથવા સમાન ટેકનોલોજીનો ઉપયોગ કરીને જાહેરાત અને આકલનના હેતુઓ માટે તમારા બ્રાઉઝર અને ઉપકરણમાંથી માહિતી એકત્રિત કરવાની મંજૂરી આપી છીએ.

Google કોઈ વિલયન, સંપાદન અથવા મિલકત વેચાણમાં શામેલ હોય, તો અમે તમારી વ્યક્તિગત માહિતીની ગોપનીયતાની ખાતરી કરવાનું અને વ્યક્તિગત માહિતી સ્થાનાંતરિત અથવા તે ભિન્ન ગોપનીયતા નીતિને પાત્ર બને તે પહેલાં પ્રભાવિત વપરાશકર્તાઓને નોટિસ આપવાનું ચાલુ રાખીશું.

તમારી માહિતી સુરક્ષિત રાખવા

# તમારી માહિતીનું રક્ષણ કરવા માટે અમે અમારી સેવામાં સુરક્ષાનું નિર્માણ કરીએ છીએ

બધી Google પ્રોડક્ટને સખત સુરક્ષા સુવિધાઓ સાથે બનાવવામાં આવેલ છે જે તમારી માહિતીનું સતત રક્ષણ કરે છે. અમે અમારી સેવાઓને જાળવીને મેળવીએ છીએ તે જાણકારીઓ સુરક્ષા જોખમો શોધવા અને તેને તમારા સુધી પહોંચતા આપમેળે બ્લૉક કરવામાં અમારી સહાય કરે છે. અને જો અમને એવું કંઇક જોખમી મળે જે અમને તમને જણાવવાનું જરૂરી લાગે, તો અમે તમને સૂચિત કરીશું અને બહેતર સુરક્ષિત રહેવાના પગલાં પર જવામાં સહાય કરીશું.

અમે ધરાવીએ છીએ તે માહિતીના અનધિકૃત ઍક્સેસ, ફેરફારો, સ્પષ્ટતા અથવા તેના નાશથી તમને અને Googleને રક્ષણ આપવા સખત મહેનત કરીએ છીએ:

- પરિવહન દરમ્યાન તમારા ડેટાને ખાનગી રાખવા માટે અમે એન્ક્રિપ્શનનો ઉપયોગ કરીએ છીએ
- તમારા એકાઉન્ટની રક્ષા કરવા માટે અમે વિવિધ સુરક્ષા સુવિધાઓ ઑફર કરીએ છીએ, જેમ કે સુરક્ષિત બ્રાઉઝિંગ, સુરક્ષા તપાસ અને 2-પગલામાં ચકાસણી
- અમે અમારી સિસ્ટમમાં અનધિકૃત ઍક્સેસ સામે રક્ષણ કરવા માટે ભૌતિક સુરક્ષા માપદંડો સહિત અમારી માહિતીના સંગ્રહ, સ્ટોરેજ અને પ્રક્રિયાના સિદ્ધાંતોનું રિવ્યૂ કરીએ છીએ
- અમે વ્યક્તિગત માહિતી પર પ્રક્રિયા કરવા માટે જેને તે માહિતી જાણવાની જરૂર છે તે Google કર્મચારીઓ, કોન્ટ્રાક્ટર અને એજન્ટ સુધી ઍક્સેસને પ્રતિબંધિત કરીએ છીએ. આ ઍક્સેસ ધરાવનાર કોઈપણ સખત કરાર ગોપનીયતાના બંધનકારક કરારને પાત્ર હોય છે અને તેઓ આ બંધનકારક કરારની પૂર્તિ કરવામાં નિષ્ફળ થાય તો તેમની સામે કાર્યવાહી કરવામાં અથવા તેમને બહાર કરવામાં આવી શકે છે.

---

તમારી માહિતીની નિકાસ કરવી અને ડિલીટ કરવી

## તમે Google એકાઉન્ટમાંથી કોઈપણ સમયે તમારી માહિતીની કૉપિને નિકાસ કરી શકો છો અથવા તેને ડિલીટ કરી શકો છો

તમે તમારા Google એકાઉન્ટમાં સામગ્રીની કૉપિ નિકાસ કરી શકો છો જો તમે તેનો બૅકઅપ લેવા માગતા હોય અથવા Google સિવાયની સેવાઓ સાથે તેનો ઉપયોગ કરવા માગતા હોય.


તમારો ડેટા નિકાસ કરો

તમારી માહિતી ડિલીટ કરવા માટે, તમે આ કરી શકો છો:

- વિશેષ Google સેવાઓમાંથી તમારું સામગ્રી ડિલીટ કરી શકો છો
- મારી પ્રવૃત્તિનો ઉપયોગ કરીને તમારા એકાઉન્ટમાં વિશેષ આઇટમને શોધીને પછી તેને ડિલીટ કરી શકો છો
- વિશેષ Google પ્રોડક્ટને ડિલીટ કરી શકો છો, તે પ્રોડક્ટથી સંકળાયેલ તમારી માહિતી પણ ડિલીટ થશે
- તમારું સંપૂર્ણ Google એકાઉન્ટ ડિલીટ કરી શકો છો


તમારી માહિતી ડિલીટ કરી શકો છો

---

### તમારી માહિતી જાળવવી

ડેટામાં શું છે, તેનો અમે કેવી રીતે ઉપયોગ કરીએ છીએ અને તમે તમારા સેટિંગની ગોઠવણી કેવી રીતે કરો છો, તેના આધારે વિવિધ સમયગાળા માટે અમે અમારા દ્વારા એકત્રિત કરવામાં આવતો ડેટા જાળવી રાખીએ છીએ:

- તમારી વ્યક્તિગત માહિતી અથવા ફોટા અને દસ્તાવેજો જેવા તમે બનાવતા અથવા અપલોડ કરતા હો એવા કન્ટેન્ટ જેવો અમુક ડેટા તમે કોઈપણ સમયે ડિલીટ કરી શકો છો. તમે તમારા એકાઉન્ટમાં સાચવેલી પ્રવૃત્તિની માહિતી ડિલીટ કરી શકો છો અથવા કોઈ ચોક્કસ સમયગાળા પછી ઑટોમૅટિક રીતે ડિલીટ

કરવામાં આવે, એવું પણ પસંદ કરી શકો છો. જ્યાં સુધી તમે તેને કાઢી ન નાખો અથવા તેને કાઢી નાખવાનું પસંદ ન કરો, ત્યાં સુધી અમે આ ડેટા તમારા Google એકાઉન્ટમાં રાખીશું.

- અન્ય ડેટાને ચોક્કસ સમયગાળા પછી ઑટોમૅટિક રીતે ડિલીટ કરવામાં આવે છે અથવા તેનું અનામીકરણ કરવામાં આવે છે, જેમ કે સર્વરના લૉગમાં રહેલો જાહેરાતનો ડેટા.
- તમે તમારું Google એકાઉન્ટ ડિલીટ કરો ત્યાં સુધી અમે અમુક ડેટા જાળવી રાખીએ છીએ, જેમ કે તમે અમારી સેવાનો કેટલી વાર ઉપયોગ કરો છો તે વિશેની માહિતી.
- તેમજ કાયદેસર વ્યવસાય અથવા કાનૂની હેતુઓ માટે જરૂરી હોય ત્યારે પણ અમે અમુક ડેટા લાંબા સમયગાળા માટે જાળવીએ છીએ, જેમ કે સુરક્ષા માટે, કપટ અને દુરુપયોગ ટાળવા માટે અથવા નાણાકીય રેકોર્ડ રાખવા માટે.

જ્યારે તમે ડેટા ડિલીટ કરો, ત્યારે તમારો ડેટા અમારા સર્વર પરથી સલામત રીતે તથા સંપૂર્ણપણે કાઢી નાખવામાં આવ્યો હોય અથવા અનામી રૂપે રાખવામાં આવ્યો હોય તે સુનિશ્ચિત કરવા માટે, અમે ડિલીટ કરવાની પ્રક્રિયાને અનુસરીએ છીએ. અમે ખાતરી કરવાનો પ્રયાસ કરીએ છીએ કે અમારી સેવાઓ માહિતીને આકસ્મિક અથવા દુર્ભાવનાપૂર્ણ રીતે ડિલીટ થવાથી અટકાવે છે. આને કારણે, જ્યારે તમે કંઈક ડિલીટ કરો અને જ્યારે અમારી સક્રિય અને બૅકઅપ સિસ્ટમમાંથી બધી કૉપિને ડિલીટ કરવામાં આવે, તેની વચ્ચે વિલંબ થઈ શકે છે.

તમારી માહિતી ડિલીટ કરવા માટે અમને કેટલો સમય લાગે છે, તેના સહિત તમે Googleના ડેટા સંરક્ષણ અવધિ વિશે વધુ વાંચી શકો છો.

---

નિયમનોનું પાલન અને સહયોગ

અમે નિયમિત રૂપે આ ગોપનીયતા નીતિનું રિવ્યૂ કરીએ છીએ અને ખાતરી કરીએ છીએ કે અમે તમારી માહિતીની પ્રક્રિયા આનું પાલન થાય તે રીતે કરીએ છીએ.

## ડેટા ટ્રાન્સફર

અમે સમગ્ર વિશ્વનાં સર્વરની જાળવણી કરીએ છીએ અને તમે જે દેશમાં રહો છો તેની બહારના કોઈ સર્વર પર પણ તમારી માહિતી પર પ્રક્રિયા કરવામાં આવી શકે છે. ડેટા સંરક્ષણ કાયદા દેશ અનુસાર અલગ-અલગ હોય છે, જેમાં અમુક દેશો અન્ય કરતાં વધુ સંરક્ષણ પ્રદાન કરે છે. તમારી માહિતી પર ક્યાં પ્રક્રિયા કરવામાં આવે છે તેને ધ્યાનમાં

લીધા વિના, અમે આ નીતિમાં વર્ણવ્યા મુજબના સંરક્ષણો લાગુ કરીએ છીએ. અમે ડેટા ટ્રાન્સફર સંબંધિત ચોક્કસ કાનૂની ફ્રેમવર્કનું પણ પાલન કરીએ છીએ.

જ્યારે અમને ઔપચારિક લેખિત ફરિયાદો પ્રાપ્ત થાય, ત્યારે અમે ફરિયાદ કરનાર વ્યક્તિનો સંપર્ક કરીને પ્રતિક્રિયા કરીએ છીએ. અમે પ્રત્યક્ષ રીતે તમારી સાથે ઉકેલ લાવી ન શકીએ તેવા તમારા ડેટાના ટ્રાન્સફર સંબંધિત કોઈપણ ફરિયાદોને ઉકેલવા માટે, અમે સ્થાનિક ડેટા સુરક્ષા અધિકારીઓ સહિત યોગ્ય નિયમન અધિકારીઓ સાથે કામ કરીએ છીએ.

# યુરોપિયન જરૂરિયાતો

## તમારા અધિકારોનો ઉપયોગ અને Googleનો સંપર્ક કરવાની રીત

જો યુરોપિયન યુનિયન (ઇયુ) અથવા યુનાઇટેડ કિંગડમ (યુકે) ડેટા સંરક્ષણ કાયદો તમારી માહિતીની પ્રક્રિયા પર લાગુ થતો હોય, તો અમે આ પૉલિસીમાં વર્ણવેલા નિયંત્રણો પ્રદાન કરીએ છીએ, જેથી તમે તમારી માહિતીની પ્રક્રિયાને ઍક્સેસ કરવા, અપડેટ કરવા, કાઢી નાખવા અને તેને પ્રતિબંધિત કરવાની વિનંતીના તમારા અધિકારનો ઉપયોગ કરી શકો. તમને તમારી માહિતીની પ્રક્રિયાનો પ્રતિકાર કરવાનો અથવા તમારી માહિતીને બીજી સેવા પર નિકાસ કરવાનો પણ અધિકાર છે.

જો તમને તમારા અધિકારો સંબંધિત કોઈ વધારાના પ્રશ્ન કે વિનંતી હોય, તો તમે Google અને અમારી ડેટા સંરક્ષણ ઑફિસનો સંપર્ક કરી શકો છો. અને જો તમને સ્થાનિક કાયદા હેઠળના તમારા અધિકારો સંબંધિત ચિંતા હોય, તો તમે તમારા સ્થાનિક ડેટા સંરક્ષણ અધિકારીનો સંપર્ક કરી શકો છો.

## ડેટા કન્ટ્રોલર

સિવાય કે સેવા સંબંધિત કોઈ પ્રાઇવસી નોટિસમાં અન્યથા જણાવવામાં આવ્યું હોય, તમારી માહિતીની પ્રક્રિયા કરવા માટે જવાબદાર ડેટા કંટ્રોલર તમે ક્યાં રહો છો તેના પર આધાર રાખે છે:

- Gordon House, Barrow Street, Dublin 4, Ireland પર સ્થિત, યુરોપિયન ઇકોનોમિક એરિયા અથવા સ્વિટ્ઝર્લૅન્ડમાં રહેતા, Googleની સેવાઓના વપરાશકર્તાઓ માટે Google Ireland Limited.
- 1600 Amphitheatre Parkway, Mountain View, California 94043, USA પર સ્થિત, યુનાઇટેડ કિંગડમમાં રહેતા Googleની સેવાઓના વપરાશકર્તાઓ માટે Google LLC.

તમારા સ્થાનને ધ્યાનમાં લીધા વિના, Google LLC એ Google Search અને Google Maps જેવી સેવાઓ પર અનુક્રમિત કરેલી અને બતાવેલી માહિતીની પ્રક્રિયા કરવા માટે જવાબદાર ડેટા કંટ્રોલર છે.

## પ્રક્રિયા કરવાના કાનૂની આધાર

અમે નીચે જણાવેલી કાનૂની જરૂરિયાતોના આધારે, આ પૉલિસીમાં વર્ણવેલા હેતુઓ માટે તમારી માહિતી પર પ્રક્રિયા કરીએ છીએ:

- તમે કોઈ કરાર હેઠળ જે સેવા માટે પૂછ્યું છે તે પ્રદાન કરવા માટે, અમે તમારા ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ.
- તમારી પ્રાઇવસીની સુરક્ષા કરતા યોગ્ય સંરક્ષણો લાગુ કરતી વખતે, અમારા અને ત્રીજા પક્ષોના કાયદેસરના હિતસંબંધો માટે, અમે તમારા ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ.
- તમારા અથવા અન્ય વ્યક્તિના મહત્ત્વપૂર્ણ હિતોનું રક્ષણ કરવા માટે જ્યારે જરૂરી હોય, ત્યારે અમે તમારા ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ.
- અમે તમારા ડેટા પર ત્યારે પ્રક્રિયા કરીએ છીએ, જ્યારે તેમ કરવું એ અમારી કાનૂની જવાબદારી હોય.
- અમે ચોક્કસ હેતુઓ માટે તમારા ડેટા પર પ્રક્રિયા કરવા માટે તમારી સંમતિ માગીએ છીએ અને તમારી પાસે તમારી સંમતિ ગમે ત્યારે પાછી ખેંચી લેવાનો અધિકાર છે.

Googleની સેવાઓનો ઉપયોગ કરવાની તમારી રીત અને તમારા પ્રાઇવસી સેટિંગ નક્કી કરશે કે કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે, આ ડેટા પર પ્રક્રિયા કયા હેતુઓ માટે કરવામાં આવે અને ડેટા પર પ્રક્રિયા કરવા માટેના કાયદાકીય આધાર કયા છે. નીચેનું કોષ્ટક આ પ્રક્રિયા કરવાના હેતુઓ, પ્રક્રિયા કરેલા ડેટાના પ્રકારો અને આ ડેટા પર પ્રક્રિયા કરવા માટેના કાનૂની આધારને વધુ વિગતવાર રીતે સમજાવે છે.

| **શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ** | **કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે** | **કાનૂની આધાર** |
|---|---|---|
| **Googleની સેવાઓ, પ્રોડક્ટ અને સુવિધાઓ પ્રદાન કરવા માટે**<br><br>પ્રક્રિયા કરવાની પ્રવૃત્તિઓના ઉદાહરણો:<br><br>• પરિણામો પરત આપવા માટે, તમે જે શબ્દો શોધો છો, તેના પર અમે પ્રક્રિયા કરીએ છીએ.<br>• અમે તમારા ડિવાઇસ માટે ફાળવવામાં આવેલા IP ઍડ્રેસનો ઉપયોગ તમે વિનંતી કરેલો ડેટા તમને મોકલવા માટે કરીએ છીએ, જેમ કે | પ્રક્રિયા કરવાની માહિતી તમારા સેટિંગ અને તમે Googleની સેવાઓનો ઉપયોગ કરો છો કે નહીં તેના પર આધાર રાખશે અને તેમાં નીચેની બાબતો શામેલ હોઈ શકે છે:<br><br>• તમે બનાવો છો અથવા અમને પ્રદાન કરો છો તેવી વસ્તુઓ:<br>  • તમે બનાવો છો, અપલોડ કરો છો | આ માહિતી પર પ્રક્રિયા કરવા માટેના કાનૂની આધાર Googleની સેવાઓનો ઉપયોગ કરવાની તમારી રીત અને તમારા સેટિંગ પર નિર્ભર કરશે પણ તેમાં નીચેની બાબતો શામેલ હોઈ શકે છે:<br><br>• તમારી સાથે **કરારનો અમલ કરવા,** જેમ કે YouTube વીડિયો લોડ કરવા અથવા જ્યારે તમે અમારી પાસેથી સેવાઓ અથવા ભૌતિક સામાન ખરીદો, ત્યારે તમારા ઑર્ડર |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
|---|---|---|
| YouTube વીડિયો લોડ કરવા માટે.<br>• તમારા Google એકાઉન્ટનો ઍક્સેસ ધરાવતી હોવી જોઈએ તેવી વ્યક્તિ તમે જ છો તેની ખાતરી કરવામાં અમને સહાય મળે તે માટે, અમે તમારા ડિવાઇસ પર કુકીમાં સ્ટોર કરેલા વિશિષ્ટ ઓળખકર્તાઓનો ઉપયોગ કરીએ છીએ.<br>• તમે Google Photos પર અપલોડ કરેલા ફોટા અને વીડિયોનો ઉપયોગ આલ્બમ, કૉલાજ અને તમે શેર કરી શકો તેવી અન્ય રચનાઓ બનાવવામાં તમને સહાય કરવા માટે થાય છે.<br>• જ્યારે તમે અમારી પાસેથી સેવાઓ અથવા ભૌતિક સામાન ખરીદો, ત્યારે અમે વિતરણ માટેના તમારા સરનામા અને ડિલિવરી માટેની સૂચનાઓનો ઉપયોગ તમારા ઑર્ડર પર પ્રક્રિયા કરવા, તેને પૂર્ણ કરવા અને ડિલિવર કરવા તેમજ તમે ખરીદેલી પ્રોડક્ટ અથવા સેવાના સંબંધમાં સપોર્ટ પ્રદાન કરવા માટે કરીએ છીએ.<br>• જ્યારે તમે Google Drive માટે વધારાનો સ્ટોરેજ ખરીદો, ત્યારે અમે તમારી ચુકવણીની માહિતી પર પ્રક્રિયા કરીએ છીએ.<br>• જ્યારે તમે Gmail, Photos અને Assistant જેવી Googleની અન્ય | કે પ્રાપ્ત કરો છો તે કન્ટેન્ટ (જેમ કે ફોટા, વીડિયો, ઇમેઇલ, દસ્તાવેજો અને સ્પ્રેડશીટ). Google Dashboard તમને તમે કોઈ ચોક્કસ પ્રોડક્ટ સાથે સંકળાયેલી માહિતી મેનેજ કરવાની સુવિધા આપે છે.<br>• તમે Google એકાઉન્ટ બનાવતી વખતે અમને આપેલી વ્યક્તિગત માહિતી (જેમ કે તમારું નામ અને પાસવર્ડ, ફોન નંબર, જન્મતારીખ અથવા ચુકવણીની માહિતી).<br>• તમે અમારી સેવાઓનો ઉપયોગ કરો, ત્યારે અમે એકત્રિત કરીએ છીએ તે માહિતી:<br>  • તમે જેનો ઉપયોગ કરી રહ્યાં છો તે બ્રાઉઝર, ઍપ્લિકેશન અથવા ડિવાઇસ | પર પ્રક્રિયા કરવા, તેને પૂર્ણ કરવા અથવા ડિલિવર કરવા.<br>• જ્યારે નીચે જણાવેલી બાબતો સહિત અમારા અને ત્રીજા પક્ષોના **કાયદેસરના હિતસંબંધો** માટે જરૂરી હોય:<br>  • **અમારા વપરાશકર્તાઓની જરૂરિયાતોની પૂર્તિ કરવા માટે અમારી સેવાઓ પ્રદાન કરવા, જાળવવા અને બહેતર બનાવવા.** ઉદાહરણ તરીકે, જ્યારે તમે Gmail, Photos અને Assistant જેવી Googleની અન્ય સેવાઓમાં આ લોકો સાથે શેર કરવા અને સંદેશાવ્યવહાર કરવા માગતા હો, ત્યારે તમે જેમને શોધી રહ્યાં છો તેમને શોધવાનું સરળ બનાવવા માટે, Googleની પ્રોડક્ટમાં તમે જેનો સંપર્ક કરો છો તે લોકોની સંપર્ક માહિતી (જેમ કે નામ અને ઇમેઇલ ઍડ્રેસ)નો ઉપયોગ કરવા.<br>• તમારી **સંમતિ** સાથે, જેમ કે જ્યારે તમે Google લોકેશન શેરિંગ સાથે |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
|---|---|---|
| સેવાઓમાં આ લોકો સાથે શેર કરવા અને સંદેશાવ્યવહાર કરવા માગતા હો, ત્યારે તમે જેમને શોધી રહ્યાં છો તેમને શોધવાનું સરળ બનાવવા માટે, અમે Googleની પ્રોડક્ટમાં તમે જેનો સંપર્ક કરો છો તે લોકોની સંપર્ક માહિતી (જેમ કે નામ અને ઇમેઇલ ઍડ્રેસ)નો ઉપયોગ કરી શકીએ છીએ.<br>• તમને મળેલા ફ્લાઇટ કન્ફર્મેશન ઇમેઇલનો ઉપયોગ તમારા Gmailમાં દેખાતું "ચેક-ઇન કરો" બટન બનાવવા માટે થઈ શકે છે.<br>• Google સાર્વજનિક રીતે ઍક્સેસ કરી શકાતા સૉર્સમાંથી પણ તમારા વિશે માહિતી એકત્રિત કરે છે. ઉદાહરણ તરીકે, જો તમારા સ્થાનિક સમાચારપત્રમાં તમારું નામ દેખાય, તો Googleનું શોધ એન્જિન તે લેખને અનુક્રમિત કરી શકે છે અને જો અન્ય લોકો તમારું નામ શોધે, તો તેમને તે બતાવી શકે છે. અથવા જો તમારા વ્યવસાયની માહિતી વેબસાઇટ પર દેખાતી હોય, તો અમે તેને અનુક્રમિત કરીને Googleની સેવાઓ પર બતાવી શકીએ છીએ.<br>• અમે Google લોકેશન શેરિંગનો ઉપયોગ કરીને તમારું લોકેશન શેર કરવામાં તમને સહાય કરી શકીએ છીએ, જેથી અન્ય લોકો | સાથે સંકળાયેલા વિશિષ્ટ ઓળખકર્તાઓ જેવી તમારી ઍપ, બ્રાઉઝર અને ડિવાઇસ વિશેની માહિતી અને અમારી સેવાઓ સાથે તમારી ઍપ, બ્રાઉઝર અને ડિવાઇસની ક્રિયાપ્રતિક્રિયા વિશેની માહિતી, (જેમ કે IP ઍડ્રેસ, ક્રૅશ રિપોર્ટ અને સિસ્ટમની પ્રવૃત્તિ).<br>• અમારી સેવાઓમાંની તમારી પ્રવૃત્તિ વિશેની માહિતી, જેમ કે તમારા શોધ શબ્દો, તમે તમારા Google એકાઉન્ટ સાથે સિંક કરેલો Chromeનો બ્રાઉઝિંગ ઇતિહાસ, તમારા વ્યૂ અને કન્ટેન્ટ અને જાહેરાતો સાથેની ક્રિયાપ્રતિક્રિયાઓ તેમજ અમારી સેવાઓનો | તમારું લોકેશન શેર કરવાનું પસંદ કરો. |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
|---|---|---|
| તમને નકશા પર શોધી શકે અથવા તમારા પહોંચવાનો અંદાજિત સમય જાણી શકે.<br>• તમારી માહિતી શેર કરવી વિભાગમાં વર્ણન કર્યા પ્રમાણે, જ્યારે અમારી પાસે તમારી સંમતિ હશે, ત્યારે અમે વ્યક્તિગત માહિતીને Googleની બહાર શેર કરીશું અને તમે જેને તમારા Google એકાઉન્ટમાંના ડેટાનો ઍક્સેસ આપ્યો છે, તેવી ત્રીજા પક્ષની ઍપ અને સાઇટનો રિવ્યૂ અને તેને મેનેજ કરવા માટેના નિયંત્રણો પણ પ્રદાન કરીશું. | ઉપયોગ કરતી ત્રીજા પક્ષની સાઇટ અને ઍપ પરની તમારી પ્રવૃત્તિ. તમે તમારા Google એકાઉન્ટમાં સ્ટોર કરવામાં આવેલા પ્રવૃત્તિના ડેટાને મારી પ્રવૃત્તિમાં રિવ્યૂ કરી શકો છો અને તેનું નિયંત્રણ કરી શકો છો.<br>• લોકેશનની માહિતી જેમ કે GPS, IP ઍડ્રેસ અને તમારા ડિવાઇસ પરના કે તેની આજુબાજુના સેન્સર પરથી મળેલો અન્ય ડેટા, જે આંશિક રીતે તમારા ડિવાઇસ અને એકાઉન્ટ સેટિંગ પર આધાર રાખે છે.<br>• સાર્વજનિક રીતે ઍક્સેસ કરી શકાતા સૉર્સમાંની માહિતી, જેમ કે સાર્વજનિક રીતે ઑનલાઇન ઉપલબ્ધ માહિતી (જેમ કે જો તમારું નામ સમાચારપત્રના લેખમાં જોવા મળ્યું | |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
|---|---|---|
| | હોય) અથવા અન્ય સાર્વજનિક સૉર્સમાંથી મળેલી માહિતી.<br>• અમારા વિશ્વસનીય ભાગીદારો પાસેથી મળતી માહિતી, જેમ કે એવી ડિરેક્ટરી સેવાઓ પાસેથી મળતી માહિતી જે અમને Googleની સેવાઓ પર બતાવવા માટે વ્યવસાયની માહિતી પ્રદાન કરે છે અથવા સુરક્ષા માટેના એવા ભાગીદારો પાસેથી મળતી માહિતી જે અમને દુરુપયોગથી સુરક્ષિત રાખવા માટે માહિતી પ્રદાન કરે છે. | |
| **Googleની સેવાઓ, પ્રોડક્ટ અને સુવિધાઓને જાળવવા અને બહેતર બનાવવા માટે**<br><br>**સેવાને જાળવવા માટે જેથી તે ધારણા મુજબ કાર્ય કરે, જેમ કે સેવાને ડિબગ કરવા, સમસ્યાઓ ટ્રૅક કરવા અથવા સમસ્યાઓનું નિવારણ કરવા.**<br><br>પ્રક્રિયા કરવાની પ્રવૃત્તિઓના ઉદાહરણો:<br>• અમે સમસ્યાઓ શોધવા માટે અમારી સિસ્ટમનું સતત નિરીક્ષણ કરીએ છીએ. અને જો અમને કોઈ ચોક્કસ સુવિધામાં કંઈક ખોટું જણાય, તો સમસ્યા શરૂ | પ્રક્રિયા કરવાની માહિતી તમારા સેટિંગ અને તમે Googleની સેવાઓનો ઉપયોગ કરો છો કે નહીં તેના પર આધાર રાખશે અને તેમાં નીચેની બાબતો શામેલ હોઈ શકે છે:<br>• તમે બનાવો છો અથવા અમને પ્રદાન કરો છો તેવી વસ્તુઓ:<br>  • તમે બનાવો છો, અપલોડ કરો છો કે પ્રાપ્ત કરો છો તે કન્ટેન્ટ (જેમ કે ફોટા, વીડિયો, ઇમેઇલ, | આ માહિતી પર પ્રક્રિયા કરવા માટેના કાનૂની આધાર Googleની સેવાઓનો ઉપયોગ કરવાની તમારી રીત અને તમારા સેટિંગ પર નિર્ભર કરશે પણ તેમાં નીચેની બાબતો શામેલ હોઈ શકે છે:<br>• તમારી સાથે **કરારનો અમલ કરવા**, જેમ કે Google ઍપ સાથેની ક્રિયાપ્રતિક્રિયાઓના લૉગનો ઉપયોગ કરવા જેથી એ ખાતરી કરી શકાય કે તે ધારણા મુજબ કાર્ય કરે છે.<br>• જ્યારે નીચે જણાવેલી બાબતો સહિત અમારા |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
| --- | --- | --- |
| થતા પહેલાં એકત્રિત કરેલી પ્રવૃત્તિની માહિતીનો રિવ્યૂ કરવાથી અમે વસ્તુઓને વધુ ઝડપથી ઠીક કરી શકીએ છીએ.<br>• અમે Google Maps અને Search જેવી ઍપ પરના બટન વડે વપરાશકર્તાઓની ક્રિયાપ્રતિક્રિયાઓને લૉગ કરીએ છીએ, જેથી તે ધારણા મુજબ કાર્ય કરે છે કે નહીં તે સમજવામાં સહાય મળે.<br><br>**Googleની સેવાઓમાં સુધારા કરવા અને આ સેવાઓની સલામતી અને વિશ્વસનીયતાને બહેતર બનાવવામાં સહાય કરવા માટે, જેમ કે કપટ, દુરુપયોગ, સુરક્ષા સંબંધિત જોખમો અને સેવા અથવા વપરાશકર્તાઓને નુકસાન પહોંચાડી શકે તેવી ટેક્નિકલ સમસ્યાઓની ભાળ મેળવવા, તેમને ટાળવા અને તેનો પ્રતિસાદ આપવા માટે.**<br><br>પ્રક્રિયા કરવાની પ્રવૃત્તિઓના ઉદાહરણો:<br>• અમારી સેવાઓ સાથેની તમારી ક્રિયાપ્રતિક્રિયાઓ વિશેના ડેટાનું અમે વિશ્લેષણ કરીએ છીએ, જેથી અમને બહેતર પ્રોડક્ટ બનાવવામાં સહાય મળે. ઉદાહરણ તરીકે, ડેટાનું વિશ્લેષણ અમને એ જાણવામાં સહાય કરી શકે છે અમુક કાર્ય પૂર્ણ કરવામાં લોકોને ઘણો સમય લાગી રહ્યો છે અથવા તેમને પગલાં પૂરા કરવામાં જ સમસ્યા આવી રહી છે. પછી અમે તે | દસ્તાવેજો અને સ્પ્રેડશીટ). Google Dashboard તમને તમે કોઈ ચોક્કસ પ્રોડક્ટ સાથે સંકળાયેલી માહિતી મેનેજ કરવાની સુવિધા આપે છે.<br>• તમે Google એકાઉન્ટ બનાવતી વખતે અમને આપેલી વ્યક્તિગત માહિતી (જેમ કે તમારું નામ અને પાસવર્ડ, ફોન નંબર, જન્મતારીખ અથવા ચુકવણીની માહિતી).<br>• તમે અમારી સેવાઓનો ઉપયોગ કરો, ત્યારે અમે એકત્રિત કરીએ છીએ તે માહિતી:<br>  • તમે જેનો ઉપયોગ કરી રહ્યાં છો તે બ્રાઉઝર, ઍપ્લિકેશન અથવા ડિવાઇસ સાથે સંકળાયેલા વિશિષ્ટ ઓળખકર્તાઓ | અને ત્રીજા પક્ષોના **કાયદેસરના હિતસંબંધો** માટે જરૂરી હોય:<br>• **અમારા વપરાશકર્તાઓની જરૂરિયાતોની પૂર્તિ કરવા માટે અમારી સેવાઓ પ્રદાન કરવા, જાળવવા અને બહેતર બનાવવા.** ઉદાહરણ તરીકે, અમારી તમામ સેવાઓ પર ઉપયોગમાં લેવાતી જોડણીની તપાસની સુવિધાઓને બહેતર બનાવવામાં અમને સહાય મળે તે માટે, એ વિશ્લેષણ કરવા કે કયા શોધ શબ્દોની જોડણી સૌથી વધુ વાર ખોટી હોય છે.<br>• **અમારી સેવાઓના પર્ફોર્મન્સની ખાતરી કરવા અને તેને બહેતર બનાવવા લોકો અમારી સેવાઓનો ઉપયોગ કેવી રીતે કરે છે તે સમજવા માટે.** ઉદાહરણ તરીકે, અનુવાદની ક્વૉલિટી સુધારવા અને વધુ ભાષાઓમાં Translateની ઉપલબ્ધતા વધારવા માટે, Google Translateના ઉપયોગનું વિશ્લેષણ કરવા. |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
|---|---|---|
| સુવિધા ફરી ડિઝાઇન કરીને દરેક માટે પ્રોડક્ટને બહેતર બનાવી શકીએ છીએ.<br>• અમારી તમામ સેવાઓ પર ઉપયોગમાં લેવાતી જોડણીની તપાસની સુવિધાઓને બહેતર બનાવવામાં અમને સહાય મળે તે માટે, અમે વિશ્લેષણ કરીએ છીએ કે કયા શોધ શબ્દોની જોડણી સૌથી વધુ વાર ખોટી હોય છે.<br>• અનુવાદની ક્વૉલિટી સુધારવા અને વધુ ભાષાઓમાં Translateની ઉપલબ્ધતા વધારવા માટે, અમે Google Translateના ઉપયોગનું વિશ્લેષણ કરીએ છીએ.<br>• વિવિધ પ્રકારની ક્વેરી માટે કઈ પ્રોડક્ટ, વેપારીઓ અને બ્રાંડ સંબંધિત છે તે નક્કી કરવા માટે, અમે Google Shopping પર ક્વેરીનું વિશ્લેષણ કરીએ છીએ.<br>• Google Chromeની Safe Browsing સુવિધા ફિશિંગ, માલવેર, દુર્ભાવનાપૂર્ણ જાહેરાતો અને વધુ સામે રક્ષણ કરવામાં સહાય કરવા માટે, વપરાશકર્તાના બ્રાઉઝર અને Googleના સર્વર વચ્ચે શંકાસ્પદ વેબસાઇટ વિશેની માહિતી મોકલી શકે છે. | જેવી તમારી ઍપ, બ્રાઉઝર અને ડિવાઇસ વિશેની માહિતી અને અમારી સેવાઓ સાથે તમારી ઍપ, બ્રાઉઝર અને ડિવાઇસની ક્રિયાપ્રતિક્રિયા વિશેની માહિતી, (જેમ કે IP ઍડ્રેસ, ક્રૅશ રિપોર્ટ અને સિસ્ટમની પ્રવૃત્તિ).<br>• અમારી સેવાઓમાંની તમારી પ્રવૃત્તિ વિશેની માહિતી, જેમ કે તમારા શોધ શબ્દો, તમે તમારા Google એકાઉન્ટ સાથે સિંક કરેલો Chromeનો બ્રાઉઝિંગ ઇતિહાસ, તમારા વ્યૂ અને કન્ટેન્ટ અને જાહેરાતો સાથેની ક્રિયાપ્રતિક્રિયાઓ તેમજ અમારી સેવાઓનો ઉપયોગ કરતી ત્રીજા પક્ષની સાઇટ અને ઍપ પરની તમારી | • **અમારા વપરાશકર્તાઓ માટે અમારી સેવાઓને બહેતર બનાવે અને લોકોને લાભ પહોંચાડે તેવા સંશોધનો કરવા માટે.** ઉદાહરણ તરીકે, Google Translateના અનુવાદની ક્વૉલિટીમાં સુધારો કરવા અને વધુ ભાષાઓમાં Translateની ઉપલબ્ધતા વધારવા. |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
|---|---|---|
| | પ્રવૃત્તિ. તમે તમારા Google એકાઉન્ટમાં સ્ટોર કરવામાં આવેલા પ્રવૃત્તિના ડેટાને મારી પ્રવૃત્તિમાં રિવ્યૂ કરી શકો છો અને તેનું નિયંત્રણ કરી શકો છો.<br>• લોકેશનની માહિતી જેમ કે GPS, IP ઍડ્રેસ અને તમારા ડિવાઇસ પરના કે તેની આજુબાજુના સેન્સર પરથી મળેલો અન્ય ડેટા, જે આંશિક રીતે તમારા ડિવાઇસ અને એકાઉન્ટ સેટિંગ પર આધાર રાખે છે.<br>• સાર્વજનિક રીતે ઍક્સેસ કરી શકાતા સૉર્સમાંની માહિતી, જેમ કે સાર્વજનિક રીતે ઑનલાઇન ઉપલબ્ધ માહિતી (જેમ કે જો તમારું નામ સમાચારપત્રના લેખમાં જોવા મળ્યું હોય) અથવા અન્ય સાર્વજનિક સૉર્સમાંથી મળેલી માહિતી. | |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
|---|---|---|
| | • અમારા વિશ્વસનીય ભાગીદારો પાસેથી મળતી માહિતી, જેમ કે એવી ડિરેક્ટરી સેવાઓ પાસેથી મળતી માહિતી જે અમને Googleની સેવાઓ પર બતાવવા માટે વ્યવસાયની માહિતી પ્રદાન કરે છે અથવા સુરક્ષા માટેના એવા ભાગીદારો પાસેથી મળતી માહિતી જે અમને દુરુપયોગથી સુરક્ષિત રાખવા માટે માહિતી પ્રદાન કરે છે. | |
| **Googleની નવી સેવાઓ, પ્રોડક્ટ અને સુવિધાઓ વિકસાવવા માટે**<br><br>પ્રક્રિયા કરવાની પ્રવૃત્તિઓના ઉદાહરણો:<br><br>• લોકોએ Googleની પહેલી ફોટો ઍપ, Picasaમાં તેમના ફોટા કેવી રીતે ગોઠવ્યા તે સમજવાથી Google Photosને ડિઝાઇન અને લૉન્ચ કરવામાં અમને સહાય મળી.<br>• ટૂંકી અવધિના કન્ટેન્ટને વપરાશકર્તાઓ કેવી રીતે જુએ છે અને નિર્માતાઓ કેવી રીતે જનરેટ કરે છે તે સમજવાથી Googleને નવી YouTube સેવાઓ વિકસાવવામાં સહાય મળી.<br>• તમારા સેટિંગના આધારે, અમે Google ઑડિયો | પ્રક્રિયા કરવાની માહિતી તમારા સેટિંગ અને તમે Googleની સેવાઓનો ઉપયોગ કરો છો કે નહીં તેના પર આધાર રાખશે અને તેમાં નીચેની બાબતો શામેલ હોઈ શકે છે:<br><br>• તમે બનાવો છો અથવા અમને પ્રદાન કરો છો તેવી વસ્તુઓ:<br>  ◦ તમે બનાવો છો, અપલોડ કરો છો કે પ્રાપ્ત કરો છો તે કન્ટેન્ટ (જેમ કે ફોટા, વીડિયો, ઇમેઇલ, દસ્તાવેજો અને સ્પ્રેડશીટ). Google Dashboard | આ માહિતી પર પ્રક્રિયા કરવા માટેના કાનૂની આધાર Googleની સેવાઓનો ઉપયોગ કરવાની તમારી રીત અને તમારા સેટિંગ પર નિર્ભર કરશે પણ તેમાં નીચેની બાબતો શામેલ હોઈ શકે છે:<br><br>• જ્યારે નીચે જણાવેલી બાબતો સહિત અમારા અને ત્રીજા પક્ષોના **કાયદેસરના હિતસંબંધો** માટે જરૂરી હોય:<br>  ◦ **અમારા વપરાશકર્તાઓ માટે ઉપયોગી હોય એવી નવી પ્રોડક્ટ અને સુવિધાઓ વિકસાવવા.** ઉદાહરણ તરીકે, Googleની પ્રથમ ફોટો ઍપ, |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
|---|---|---|
| ટેક્નોલોજી વિકસાવવા અને બહેતર બનાવવા માટે Google Search, Assistant, Maps અને Gboard જેવી સેવાઓ સાથેની વૉઇસ ક્રિયાપ્રતિક્રિયાઓના ઑડિયો રેકોર્ડિંગને સાચવી શકીએ છીએ.<br>• નવા મશીન લર્નિંગ મૉડલને તાલીમ આપવામાં અને વિવિધ Google પ્રોડક્ટ જેમ કે Google Translate, Bard અને Cloud AIની ક્ષમતાઓને સંચાલિત કરતી પાયાની ટેક્નોલોજી બનાવવામાં સહાય મળે તે માટે, અમે ઑનલાઇન અથવા અન્ય સાર્વજનિક સૉર્સમાંથી સાર્વજનિક રીતે ઉપલબ્ધ માહિતીનો ઉપયોગ કરીએ છીએ.<br>• અમે Bard જેવા AI મૉડલ અને ટેક્નોલોજી સાથેની તમારી ક્રિયાપ્રતિક્રિયાઓનો ઉપયોગ આ મૉડલને વિકસાવવા, તાલીમ આપવા, સુધારવા અને બહેતર બનાવવા માટે કરીએ છીએ, જેથી એ તમારી વિનંતીઓને વધુ સારી રીતે હૅન્ડલ કરી શકે તેમ જ સલામતી, ભાષાની સમજણ અને વાસ્તવિકતા માટેના ક્લાસિફાયર અને ફિલ્ટર સહિત તેમના ક્લાસિફાયર અને ફિલ્ટર અપડેટ કરી શકાય. | તમને તમે કોઈ ચોક્કસ પ્રોડક્ટ સાથે સંકળાયેલી માહિતી મેનેજ કરવાની સુવિધા આપે છે.<br>• તમે Google એકાઉન્ટ બનાવતી વખતે અમને આપેલી વ્યક્તિગત માહિતી (જેમ કે તમારું નામ અને પાસવર્ડ, ફોન નંબર, જન્મતારીખ અથવા ચુકવણીની માહિતી).<br>• તમે અમારી સેવાઓનો ઉપયોગ કરો, ત્યારે અમે એકત્રિત કરીએ છીએ તે માહિતી:<br>  • તમે જેનો ઉપયોગ કરી રહ્યાં છો તે બ્રાઉઝર, ઍપ્લિકેશન અથવા ડિવાઇસ સાથે સંકળાયેલા વિશિષ્ટ ઓળખકર્તાઓ જેવી તમારી ઍપ, બ્રાઉઝર અને ડિવાઇસ વિશેની માહિતી | Picasaમાં લોકોએ ફોટાનો ઉપયોગ કેવી કર્યો તે સમજવાથી, Google Photosને ડિઝાઇન કરવા અને લૉન્ચ કરવામાં અમને સહાય મળી. અથવા Google AI મૉડલને તાલીમ આપવામાં અને આ ફાઉન્ડેશનલ ટેક્નોલોજી, જેમ કે Google Translate, Bard અને Cloud AIની ક્ષમતાઓ જેવી પ્રોડક્ટ અને સુવિધાઓ બનાવવામાં સહાય મેળવવા માટે, સાર્વજનિક રીતે ઑનલાઇન ઉપલબ્ધ હોય એવી અથવા અન્ય સાર્વજનિક સૉર્સમાંથી મેળવેલી માહિતીનો ઉપયોગ કરવા.<br>• **અમારા વપરાશકર્તાઓની જરૂરિયાતોની પૂર્તિ કરવા માટે અમારી સેવાઓ પ્રદાન કરવા, જાળવવા અને તેને બહેતર બનાવવા.** ઉદાહરણ તરીકે, મશીન લર્નિંગ મૉડલને તાલીમ આપવા અને તેને બહેતર બનાવવા માટે |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
|---|---|---|
| | અને અમારી સેવાઓ સાથે તમારી ઍપ, બ્રાઉઝર અને ડિવાઇસની ક્રિયાપ્રતિક્રિયા વિશેની માહિતી, (જેમ કે IP ઍડ્રેસ, ક્રૅશ રિપોર્ટ અને સિસ્ટમની પ્રવૃત્તિ).<br>• અમારી સેવાઓમાંની તમારી પ્રવૃત્તિ વિશેની માહિતી, જેમ કે તમારા શોધ શબ્દો, તમે તમારા Google એકાઉન્ટ સાથે સિંક કરેલો Chromeનો બ્રાઉઝિંગ ઇતિહાસ, તમારા વ્યૂ અને કન્ટેન્ટ અને જાહેરાતો સાથેની ક્રિયાપ્રતિક્રિયાઓ તેમજ અમારી સેવાઓનો ઉપયોગ કરતી ત્રીજા પક્ષની સાઇટ અને ઍપ પરની તમારી પ્રવૃત્તિ. તમે તમારા Google એકાઉન્ટમાં | અને તેની ભાષા સમજવાની ક્ષમતાઓ, સલામતી ક્લાસિફાયર અને ફિલ્ટર અપડેટ કરવા માટે, અમારી સેવાઓમાં તમારી પ્રવૃત્તિ વિશેની માહિતી, જેમ કે Bard સાથેની તમારી ક્રિયાપ્રતિક્રિયાઓનો ઉપયોગ કરવા.<br>• તમારી **સંમતિ** સાથે, જેમ કે Googleની ઑડિયો ટેક્નોલોજીનો વિકાસ કરવા અને તેને બહેતર બનાવવા માટે Google Search, Assistant, Maps અને Gboard સાથેની તમારી વૉઇસ ક્રિયાપ્રતિક્રિયાઓના ઑડિયો રેકોર્ડિંગ સાચવવા. |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
|---|---|---|
| | સ્ટોર કરવામાં આવેલા પ્રવૃત્તિના ડેટાને મારી પ્રવૃત્તિમાં રિવ્યૂ કરી શકો છો અને તેનું નિયંત્રણ કરી શકો છો.<br>• લોકેશનની માહિતી જેમ કે GPS, IP ઍડ્રેસ અને તમારા ડિવાઇસ પરના કે તેની આજુબાજુના સેન્સર પરથી મળેલો અન્ય ડેટા, જે આંશિક રીતે તમારા ડિવાઇસ અને એકાઉન્ટ સેટિંગ પર આધાર રાખે છે.<br>• સાર્વજનિક રીતે ઍક્સેસ કરી શકાતા સૉર્સમાંની માહિતી, જેમ કે સાર્વજનિક રીતે ઑનલાઇન ઉપલબ્ધ માહિતી (જેમ કે જો તમારું નામ સમાચારપત્રના લેખમાં જોવા મળ્યું હોય) અથવા અન્ય સાર્વજનિક સૉર્સમાંથી મળેલી માહિતી.<br>• અમારા વિશ્વસનીય ભાગીદારો પાસેથી મળતી માહિતી, જેમ | |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
|---|---|---|
| | કે એવી ડિરેક્ટરી સેવાઓ પાસેથી મળતી માહિતી જે અમને Googleની સેવાઓ પર બતાવવા માટે વ્યવસાયની માહિતી પ્રદાન કરે છે અથવા સુરક્ષા માટેના એવા ભાગીદારો પાસેથી મળતી માહિતી જે અમને દુરુપયોગથી સુરક્ષિત રાખવા માટે માહિતી પ્રદાન કરે છે. | |
| **કન્ટેન્ટ અને જાહેરાતો સહિત, મનગમતી બનાવેલી સેવાઓ પ્રદાન કરવા માટે**<br><br>**સુઝાવો, મનગમતું બનાવેલું કન્ટેન્ટ અને કસ્ટમાઇઝ કરેલા શોધ પરિણામો પ્રદાન કરવા સહિત, તમારા માટે અમારી સેવાઓને કસ્ટમાઇઝ કરવા માટે.**<br><br>પ્રક્રિયા કરવાની પ્રવૃત્તિઓના ઉદાહરણો:<br>• Googleની સુરક્ષા તપાસ સુવિધા Google પ્રોડક્ટનો ઉપયોગ કરવાની તમારી રીતને અનુરૂપ સુરક્ષાની ટિપ પ્રદાન કરે છે.<br>• Google News તમારા અંદાજિત લોકેશનના આધારે તમને સ્થાનિક ન્યૂઝ પરિણામો પ્રદાન કરી શકે છે.<br>• Google Search તમને તમારા અંદાજિત લોકેશનના | પ્રક્રિયા કરવાની માહિતી તમારા સેટિંગ અને તમે Googleની સેવાઓનો ઉપયોગ કરો છો કે નહીં તેના પર આધાર રાખશે અને તેમાં નીચેની બાબતો શામેલ હોઈ શકે છે:<br>• તમે બનાવો છો અથવા અમને પ્રદાન કરો છો તેવી વસ્તુઓ:<br>  • તમે બનાવો છો, અપલોડ કરો છો કે પ્રાપ્ત કરો છો તે કન્ટેન્ટ (જેમ કે ફોટા, વીડિયો, ઇમેઇલ, દસ્તાવેજો અને સ્પ્રેડશીટ). Google Dashboard તમને તમે કોઈ ચોક્કસ પ્રોડક્ટ સાથે | આ માહિતી પર પ્રક્રિયા કરવા માટેના કાનૂની આધાર Googleની સેવાઓનો ઉપયોગ કરવાની તમારી રીત અને તમારા સેટિંગ પર નિર્ભર કરશે પણ તેમાં નીચેની બાબતો શામેલ હોઈ શકે છે:<br>• તમારી સાથે **કોઈ કરાર કરવા માટે**, જેમ કે જ્યારે Google Assistant તમારી વિનંતી પર મેસેજ મોકલવા માટે તમારા સંપર્કોનો ઉપયોગ કરે છે ત્યારે, જેમ કે "જોન સ્મિથને મેસેજ મોકલો".<br>• જ્યારે નીચે જણાવેલી બાબતો સહિત અમારા અને ત્રીજા પક્ષોના **કાયદેસરના હિતસંબંધો** માટે જરૂરી હોય:<br>  • **તમને બહેતર વપરાશકર્તા અનુભવ પ્રદાન કરવા માટે, અમારી સેવાઓને** |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
|---|---|---|
| આધારે પરિણામો પ્રદાન કરી શકે છે.<br>• Google Assistant તમારી વિનંતી પર મેસેજ મોકલવા માટે તમારા સંપર્કોનો ઉપયોગ કરી શકે છે, જેમ કે “જોન સ્મીથને ટેક્સ્ટ મોકલો”.<br>• Google Play કદાચ તમને પસંદ આવી શકે તેવી નવી ઍપ સૂચવવા માટે તમે પહેલેથી ઇન્સ્ટૉલ કરેલી ઍપ અને તમે YouTube પર જોયેલા વીડિયો જેવી માહિતીનો ઉપયોગ કરે છે.<br>• ઉદાહરણ તરીકે, અમે તમારા દેશની વિશેષ ઇવેન્ટની ઉજવણી કરવા માટે Search હોમપેજ પર Google ડૂડલ બતાવી શકીએ છીએ.<br>• Google તમને તમે મુલાકાત લો છો તે સાઇટના સંદર્ભના આધારે જાહેરાતો બતાવી શકે છે, જેમ કે બાગકામ સંબંધિત ટિપ વિશેના પેજ પર બાગકામના સાધનો માટેની જાહેરાતો.<br>• જ્યારે તમે તમારા Google એકાઉન્ટમાં સાઇન ઇન કર્યું હોય અને વેબ અને ઍપ ઍક્ટિવિટી કન્ટ્રોલની સુવિધા ચાલુ કરેલી હોય, ત્યારે તમને વધુ સંબંધિત શોધ પરિણામો મળી શકે છે, જે તમારી પાછલી શોધ અને Googleની અન્ય સેવાઓ પરની તમારી પ્રવૃત્તિના આધારે બતાવવામાં આવે છે. | સંકળાયેલી માહિતી મેનેજ કરવાની સુવિધા આપે છે.<br>• તમે Google એકાઉન્ટ બનાવતી વખતે અમને આપેલી વ્યક્તિગત માહિતી (જેમ કે તમારું નામ અને પાસવર્ડ, ફોન નંબર, જન્મતારીખ અથવા ચુકવણીની માહિતી).<br>• તમે અમારી સેવાઓનો ઉપયોગ કરો, ત્યારે અમે એકત્રિત કરીએ છીએ તે માહિતી:<br>• તમે જેનો ઉપયોગ કરી રહ્યાં છો તે બ્રાઉઝર, ઍપ્લિકેશન અથવા ડિવાઇસ સાથે સંકળાયેલા વિશિષ્ટ ઓળખકર્તાઓ જેવી તમારી ઍપ, બ્રાઉઝર અને ડિવાઇસ વિશેની માહિતી અને અમારી સેવાઓ સાથે તમારી ઍપ, | **કસ્ટમાઇઝ કરવા.** ઉદાહરણ તરીકે, તમારા દેશ માટે વિશિષ્ટ ઇવેન્ટની ઉજવણી કરવા માટે Searchના હોમપેજ પર Google ડૂડલ બતાવવું, Google પ્રોડક્ટનો ઉપયોગ કરવાની તમારી રીતને અનુરૂપ સુરક્ષા માટેની ટિપ પ્રદાન કરવા અથવા જો સંબંધિત હોય, તો ઉંમરને અનુકૂળ અનુભવ બનાવવા.<br>• **એવી જાહેરાત પ્રદાન કરવા માટે, જે અમને અમારી ઘણી ખરી સેવાઓ શુલ્ક વિના ઑફર કરવાની મંજૂરી આપતી હોય.** ઉદાહરણ તરીકે, તમે મુલાકાત લઈ રહ્યાં હો એવી સાઇટના સંદર્ભના આધારે તમને જાહેરાતો બતાવવા, જેમ કે બાગકામની ટિપ વિશેના પેજ પર બાગકામના સાધનો માટેની જાહેરાતો. (અને જ્યારે જાહેરાતો મનગમતી બનાવવામાં આવે, ત્યારે અમે તમારી સંમતિ માગીએ છીએ.)<br>• તમારી **સંમતિ** સાથે, જેમ કે YouTube પર તમે |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
|---|---|---|
| **તમારા સેટિંગના આધારે, અમે તમારી રૂચિઓના આધારે તમને મનગમતી બનાવેલી જાહેરાતો બતાવવા માટે.**<br><br>પ્રક્રિયા કરવાની પ્રવૃત્તિઓના ઉદાહરણો:<br>• જો તમે "માઉન્ટેન બાઇક" શોધો છો અથવા માઉન્ટેન બાઇકના વીડિયો જુઓ છો, તો તમને તમારા શોધ પરિણામો અથવા YouTube પર રમતગમતના સાધનો માટે જાહેરાત જોવા મળી શકે છે.<br>• જો તમે YouTube પર બેકિંગ વિશેના વીડિયો જુઓ છો, તો તમે વેબ બ્રાઉઝ કરો કે તરત જ તમને બેકિંગથી સંબંધિત હોય તેવી જાહેરાતો વધુ દેખાઈ શકે છે.<br>• તમે જાહેરાતકર્તાઓની માહિતીના આધારે પણ મનગમતી જાહેરાતો જોઈ શકો છો. જો તમે જાહેરાતકર્તાની વેબસાઇટ પરથી ખરીદી કરો છો, તો તેઓ તમને જાહેરાતો બતાવવા માટે તે મુલાકાત માહિતીનો ઉપયોગ કરી શકે છે. | બ્રાઉઝર અને ડિવાઇસની ક્રિયાપ્રતિક્રિયા વિશેની માહિતી, (જેમ કે IP ઍડ્રેસ, ક્રૅશ રિપોર્ટ અને સિસ્ટમની પ્રવૃત્તિ).<br>• અમારી સેવાઓમાંની તમારી પ્રવૃત્તિ વિશેની માહિતી, જેમ કે તમારા શોધ શબ્દો, તમે તમારા Google એકાઉન્ટ સાથે સિંક કરેલો Chromeનો બ્રાઉઝિંગ ઇતિહાસ, તમારા વ્યૂ અને કન્ટેન્ટ અને જાહેરાતો સાથેની ક્રિયાપ્રતિક્રિયાઓ તેમજ અમારી સેવાઓનો ઉપયોગ કરતી ત્રીજા પક્ષની સાઇટ અને ઍપ પરની તમારી પ્રવૃત્તિ. તમે તમારા Google એકાઉન્ટમાં સ્ટોર કરવામાં આવેલા પ્રવૃત્તિના ડેટાને | જોયેલા વીડિયોના આધારે તમને Google Play પર ઍપનો સુઝાવ આપવો અથવા તમારી રુચિઓના આધારે તમને મનગમતી બનાવેલી જાહેરાતો બતાવવા, જેમ કે YouTube પર બેકિંગ વિશેના વીડિયો પછી તમે વેબ બ્રાઉઝ કરો કે તરત બેકિંગ સંબંધિત જાહેરાતો બતાવવા. |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
|---|---|---|
| | મારી પ્રવૃત્તિમાં રિવ્યૂ કરી શકો છો અને તેનું નિયંત્રણ કરી શકો છો.<br>• લોકેશનની માહિતી જેમ કે GPS, IP ઍડ્રેસ અને તમારા ડિવાઇસ પરના કે તેની આજુબાજુના સેન્સર પરથી મળેલો અન્ય ડેટા, જે આંશિક રીતે તમારા ડિવાઇસ અને એકાઉન્ટ સેટિંગ પર આધાર રાખે છે.<br>• સાર્વજનિક રીતે ઍક્સેસ કરી શકાતા સૉર્સમાંની માહિતી, જેમ કે સાર્વજનિક રીતે ઑનલાઇન ઉપલબ્ધ માહિતી (જેમ કે જો તમારું નામ સમાચારપત્રના લેખમાં જોવા મળ્યું હોય) અથવા અન્ય સાર્વજનિક સૉર્સમાંથી મળેલી માહિતી.<br>• અમારા વિશ્વસનીય ભાગીદારો પાસેથી મળતી માહિતી, જેમ કે એવી ડિરેક્ટરી સેવાઓ પાસેથી મળતી માહિતી જે | |

| **શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ** | **કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે** | **કાનૂની આધાર** |
|---|---|---|
| | અમને Googleની સેવાઓ પર બતાવવા માટે વ્યવસાયની માહિતી પ્રદાન કરે છે અથવા સુરક્ષા માટેના એવા ભાગીદારો પાસેથી મળતી માહિતી જે અમને દુરુપયોગથી સુરક્ષિત રાખવા માટે માહિતી પ્રદાન કરે છે. | |
| **કાર્યપ્રદર્શન માપવા માટે - અમારી સેવાઓનો ઉપયોગ કેવી રીતે થાય છે, તે સમજવા માટે, અમે વિશ્લેષણ અને માપન માટેના ડેટાનો ઉપયોગ કરીએ છીએ.**<br><br>પ્રક્રિયા કરવાની પ્રવૃત્તિઓના ઉદાહરણો:<br>• પ્રોડક્ટની ડિઝાઇન ઑપ્ટિમાઇઝ કરવા જેવી વસ્તુઓ કરવા માટે, અમે અમારી સાઇટની તમારી મુલાકાતો વિશેના ડેટાનું વિશ્લેષણ કરીએ છીએ.<br>• અમે જાહેરાતકર્તાઓને તેમની જાહેરાત ઝુંબેશના કાર્યપ્રદર્શનને સમજવામાં સહાય કરવા માટે, તમે જે જાહેરાતો સાથે ક્રિયાપ્રતિક્રિયા કરો છો તેના વિશેના ડેટાનો ઉપયોગ કરીએ છીએ.<br>• કઈ સુવિધાઓ લોકપ્રિય છે તે સમજવા અને ખામીઓને ઓળખવા માટે, અમે Google Earth પર વપરાશકર્તાઓ સૌથી વધુ | પ્રક્રિયા કરવાની માહિતી તમારા સેટિંગ અને તમે Googleની સેવાઓનો ઉપયોગ કરો છો કે નહીં તેના પર આધાર રાખશે અને તેમાં નીચેની બાબતો શામેલ હોઈ શકે છે:<br>• તમે બનાવો છો અથવા અમને પ્રદાન કરો છો તેવી વસ્તુઓ:<br>    • તમે બનાવો છો, અપલોડ કરો છો કે પ્રાપ્ત કરો છો તે કન્ટેન્ટ (જેમ કે ફોટા, વીડિયો, ઇમેઇલ, દસ્તાવેજો અને સ્પ્રેડશીટ). Google Dashboard તમને તમે કોઇ ચોક્કસ પ્રોડક્ટ સાથે સંકળાયેલી માહિતી મેનેજ | આ માહિતી પર પ્રક્રિયા કરવા માટેના કાનૂની આધાર Googleની સેવાઓનો ઉપયોગ કરવાની તમારી રીત અને તમારા સેટિંગ પર નિર્ભર કરશે પણ તેમાં નીચેની બાબતો શામેલ હોઈ શકે છે:<br>• જ્યારે નીચે જણાવેલી બાબતો સહિત અમારા અને ત્રીજા પક્ષોના **કાયદેસરના હિતસંબંધો** માટે જરૂરી હોય:<br>    • **અમારી સેવાઓના પર્ફોર્મન્સની ખાતરી કરવા અને તેને બહેતર બનાવવા લોકો અમારી સેવાઓનો ઉપયોગ કેવી રીતે કરે છે તે સમજવા માટે.** ઉદાહરણ તરીકે, અનુવાદની ક્વૉલિટી સુધારવા અને વધુ ભાષાઓમાં Translateની ઉપલબ્ધતા વધારવા માટે, Google |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
|---|---|---|
| કયા સ્થાનો પર ક્લિક કરે છે તે વિશેના ડેટાનો ઉપયોગ કરીએ છીએ.<br>• શોધને વધુ ઉપયોગી બનાવવા માટે, Google Search પર કોઈ ચોક્કસ ક્વેરી કેટલી વખત કરવામાં આવી છે તે સંખ્યા અને વપરાશકર્તાઓ તેમના શોધ પરિણામોની ક્વૉલિટીને કેવી રીતે સમજે છે તે માપે છે.<br>• સંભવિત નવી સુવિધાઓ ઓળખવા અને વપરાશકર્તાઓને સેવામાં આવતી સમસ્યાઓનું નિરાકરણ કરવા માટે, Google Translate પર કરવામાં આવેલા અનુવાદોની સંખ્યા અને અનુવાદને કેટલી વખત ઓછી ક્વૉલિટીના તરીકે માર્ક કરવામાં આવ્યા તે સંખ્યા વિશેના ડેટાનું વિશ્લેષણ કરે છે.<br>• અમે રૉયલ્ટી સાથે ચુકવણીઓ કરવા માટે, અમારા ભાગીદારો જેમ કે કન્ટેન્ટનું લાઇસન્સ આપનાર સંસ્થાઓ સાથે વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતી શેર કરી શકીએ છીએ. | કરવાની સુવિધા આપે છે.<br>• તમે Google એકાઉન્ટ બનાવતી વખતે અમને આપેલી વ્યક્તિગત માહિતી (જેમ કે તમારું નામ અને પાસવર્ડ, ફોન નંબર, જન્મતારીખ અથવા ચુકવણીની માહિતી).<br>• તમે અમારી સેવાઓનો ઉપયોગ કરો, ત્યારે અમે એકત્રિત કરીએ છીએ તે માહિતી:<br>  • તમે જેનો ઉપયોગ કરી રહ્યાં છો તે બ્રાઉઝર, ઍપ્લિકેશન અથવા ડિવાઇસ સાથે સંકળાયેલા વિશિષ્ટ ઓળખકર્તાઓ જેવી તમારી ઍપ, બ્રાઉઝર અને ડિવાઇસ વિશેની માહિતી અને અમારી સેવાઓ સાથે તમારી ઍપ, બ્રાઉઝર અને ડિવાઇસની | Translateના ઉપયોગનું વિશ્લેષણ કરવા.<br>• **અમારી સેવાઓ સાથે થતા કપટ, તેનો દુરુપયોગ, તેની સુરક્ષા અથવા તેમાં આવતી ટેક્નિકલ સમસ્યાઓની ભાળ મેળવવા, અટકાવવા અથવા તેનું નિરાકરણ કરવા.** ઉદાહરણ તરીકે, ખામીઓ ઓળખવા માટે Google Earth પર વપરાશની પૅટર્નનું નિરીક્ષણ કરવા.<br>• **અમારા વપરાશકર્તાઓની જરૂરિયાતોની પૂર્તિ કરવા માટે અમારી સેવાઓ પ્રદાન કરવા, જાળવવા અને તેને બહેતર બનાવવા.** ઉદાહરણ તરીકે, વપરાશકર્તાઓને સેવામાં આવતી સમસ્યાઓનું નિરાકરણ કરવા માટે, Google Translate પર અનુવાદોને કેટલી વખત ઓછી ક્વૉલિટીના તરીકે માર્ક કરવામાં આવ્યા તે સંખ્યાનું વિશ્લેષણ કરવા.<br>• **અમારા વપરાશકર્તાઓ માટે** |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
| --- | --- | --- |
| | ક્રિયાપ્રતિક્રિયા વિશેની માહિતી, (જેમ કે IP ઍડ્રેસ, ક્રૅશ રિપોર્ટ અને સિસ્ટમની પ્રવૃત્તિ).<br>• અમારી સેવાઓમાંની તમારી પ્રવૃત્તિ વિશેની માહિતી, જેમ કે તમારા શોધ શબ્દો, તમે તમારા Google એકાઉન્ટ સાથે સિંક કરેલો Chromeનો બ્રાઉઝિંગ ઇતિહાસ, તમારા વ્યૂ અને કન્ટેન્ટ અને જાહેરાતો સાથેની ક્રિયાપ્રતિક્રિયાઓ તેમજ અમારી સેવાઓનો ઉપયોગ કરતી ત્રીજા પક્ષની સાઇટ અને ઍપ પરની તમારી પ્રવૃત્તિ. તમે તમારા Google એકાઉન્ટમાં સ્ટોર કરવામાં આવેલા પ્રવૃત્તિના ડેટાને મારી પ્રવૃત્તિમાં રિવ્યૂ કરી શકો | **ઉપયોગી હોય એવી નવી પ્રોડક્ટ અને સુવિધાઓ વિકસાવવા.** ઉદાહરણ તરીકે, સંભવિત નવી સુવિધાઓ ઓળખવા, Google Translate પર કરવામાં આવેલા અનુવાદોની સંખ્યા વિશેના ડેટાનું વિશ્લેષણ કરવા.<br>• **ડેવલપર અને અધિકાર ધારકો જેવા અમારા ભાગીદારોના બંધનકારક કરારની પૂર્તિ કરવા.** ઉદાહરણ તરીકે, રૉયલ્ટી સાથે ચુકવણીઓ કરવા માટે કન્ટેન્ટનું લાઇસન્સ આપનાર સંસ્થાઓને જાણ કરવા. |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
|---|---|---|
| | છો અને તેનું નિયંત્રણ કરી શકો છો.<br>• લોકેશનની માહિતી જેમ કે GPS, IP ઍડ્રેસ અને તમારા ડિવાઇસ પરના કે તેની આજુબાજુના સેન્સર પરથી મળેલો અન્ય ડેટા, જે આંશિક રીતે તમારા ડિવાઇસ અને એકાઉન્ટ સેટિંગ પર આધાર રાખે છે.<br>• સાર્વજનિક રીતે ઍક્સેસ કરી શકાતા સૉર્સમાંની માહિતી, જેમ કે સાર્વજનિક રીતે ઑનલાઇન ઉપલબ્ધ માહિતી (જેમ કે જો તમારું નામ સમાચારપત્રના લેખમાં જોવા મળ્યું હોય) અથવા અન્ય સાર્વજનિક સૉર્સમાંથી મળેલી માહિતી.<br>• અમારા વિશ્વસનીય ભાગીદારો પાસેથી મળતી માહિતી, જેમ કે એવી ડિરેક્ટરી સેવાઓ પાસેથી મળતી માહિતી જે અમને Googleની સેવાઓ પર બતાવવા | |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
|---|---|---|
| | માટે વ્યવસાયની માહિતી પ્રદાન કરે છે અથવા સુરક્ષા માટેના એવા ભાગીદારો પાસેથી મળતી માહિતી જે અમને દુરુપયોગથી સુરક્ષિત રાખવા માટે માહિતી પ્રદાન કરે છે. | |
| **તમારી સાથે વાર્તાલાપ કરવા માટે - અમે એકત્ર કરીએ છીએ તે માહિતીનો અમે ઉપયોગ કરીએ છીએ, જેમ કે સીધો તમારી સાથે વાર્તાલાપ કરવા માટે, તમારું ઇમેઇલ ઍડ્રેસનો ઉપયોગ કરીએ છીએ.**<br><br>પ્રક્રિયા કરવાની પ્રવૃત્તિઓના ઉદાહરણો:<br>• જો અમને કોઈ અસામાન્ય લોકેશનથી તમારા Google એકાઉન્ટમાં સાઇન ઇન કરવાનો પ્રયાસ કરવા જેવી શંકાસ્પદ પ્રવૃત્તિ મળે, તો અમે તમને નોટિફિકેશન મોકલી શકીએ છીએ.<br>• અમે અમારી સેવાઓમાં આગામી ફેરફારો અથવા સુધારાઓ વિશે તમને જણાવી શકીએ છીએ.<br>• જો તમે Googleનો સંપર્ક કરશો, તો અમે તમારી વિનંતીનો રેકોર્ડ રાખીશું જેથી કદાચ તમે સામનો કરી રહ્યાં હોય એવી કોઈપણ સમસ્યાઓને ઉકેલવામાં સહાય મળી શકે. | પ્રક્રિયા કરવાની માહિતી તમારા સેટિંગ અને તમે Googleની સેવાઓનો ઉપયોગ કરો છો કે નહીં તેના પર આધાર રાખશે અને તેમાં નીચેની બાબતો શામેલ હોઈ શકે છે:<br>• તમે બનાવો છો અથવા અમને પ્રદાન કરો છો તેવી વસ્તુઓ:<br>  • તમે બનાવો છો, અપલોડ કરો છો કે પ્રાપ્ત કરો છો તે કન્ટેન્ટ (જેમ કે ફોટા, વીડિયો, ઇમેઇલ, દસ્તાવેજો અને સ્પ્રેડશીટ). Google Dashboard તમને તમે કોઈ ચોક્કસ પ્રોડક્ટ સાથે સંકળાયેલી માહિતી મેનેજ કરવાની સુવિધા આપે છે. | આ માહિતી પર પ્રક્રિયા કરવા માટેના કાનૂની આધાર Googleની સેવાઓનો ઉપયોગ કરવાની તમારી રીત અને તમારા સેટિંગ પર નિર્ભર કરશે પણ તેમાં નીચેની બાબતો શામેલ હોઈ શકે છે:<br>• તમારી સાથે **કોઈ કરાર કરવા** માટે, જેમ કે જ્યારે તમે સપોર્ટ માટે Googleનો સંપર્ક કરો અથવા પ્રોડક્ટની અપડેટ વિશે કમ્યુનિકેશન મેળવવા માટે સાઇન અપ કરો ત્યારે.<br>• જ્યારે નીચે જણાવેલી બાબતો સહિત અમારા અને ત્રીજા પક્ષોના **કાયદેસરના હિતસંબંધો** માટે જરૂરી હોય:<br>  • **અમારા વપરાશકર્તાઓની જરૂરિયાતોની પૂર્તિ કરવા માટે અમારી સેવાઓ પ્રદાન કરવા, જાળવવા અને તેને બહેતર બનાવવા.** ઉદાહરણ તરીકે, તમને અમારી સેવાઓ |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
|---|---|---|
| • Photos જેવી Googleની સેવાઓ તમારા સેટિંગના આધારે, તમને પ્રોડક્ટની ઑફર વિશે માર્કેટિંગ કમ્યુનિકેશન, જેમ કે પ્રિન્ટિંગના પ્રમોશન મોકલી શકે છે.<br>• YouTube Premium અને YouTube Music Premium જેવી Googleની સેવાઓ તમારા સબ્સ્ક્રિપ્શનમાં થનારા આગામી ફેરફારો વિશે તમને સૂચિત કરી શકે છે. | • તમે Google એકાઉન્ટ બનાવતી વખતે અમને આપેલી વ્યક્તિગત માહિતી (જેમ કે તમારું નામ અને પાસવર્ડ, ફોન નંબર, જન્મતારીખ અથવા ચુકવણીની માહિતી).<br>• તમે અમારી સેવાઓનો ઉપયોગ કરો, ત્યારે અમે એકત્રિત કરીએ છીએ તે માહિતી:<br>• તમે જેનો ઉપયોગ કરી રહ્યાં છો તે બ્રાઉઝર, ઍપ્લિકેશન અથવા ડિવાઇસ સાથે સંકળાયેલા વિશિષ્ટ ઓળખકર્તાઓ જેવી તમારી ઍપ, બ્રાઉઝર અને ડિવાઇસ વિશેની માહિતી અને અમારી સેવાઓ સાથે તમારી ઍપ, બ્રાઉઝર અને ડિવાઇસની ક્રિયાપ્રતિક્રિયા વિશેની માહિતી, | વિશે જાણ કરવા, જેમ કે અમારી સેવાઓમાં આગામી ફેરફારો અથવા સુધારાઓ વિશે તમને જાણ કરવા માટે.<br>• **વપરાશકર્તાઓને અમારી સેવાઓ વિશે માહિતી આપવા માર્કેટિંગ કરવા.** ઉદાહરણ તરીકે, Photosના વપરાશકર્તાઓને પ્રિન્ટિંગના પ્રમોશન વિશે ઇમેઇલ કરવા. |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
| --- | --- | --- |
| | (જેમ કે IP ઍડ્રેસ, ક્રૅશ રિપોર્ટ અને સિસ્ટમની પ્રવૃત્તિ).<br>• અમારી સેવાઓમાંની તમારી પ્રવૃત્તિ વિશેની માહિતી, જેમ કે તમારા શોધ શબ્દો, તમે તમારા Google એકાઉન્ટ સાથે સિંક કરેલો Chromeનો બ્રાઉઝિંગ ઇતિહાસ, તમારા વ્યૂ અને કન્ટેન્ટ અને જાહેરાતો સાથેની ક્રિયાપ્રતિક્રિયાઓ તેમજ અમારી સેવાઓનો ઉપયોગ કરતી ત્રીજા પક્ષની સાઇટ અને ઍપ પરની તમારી પ્રવૃત્તિ. તમે તમારા Google એકાઉન્ટમાં સ્ટોર કરવામાં આવેલા પ્રવૃત્તિના ડેટાને મારી પ્રવૃત્તિમાં રિવ્યૂ કરી શકો છો અને તેનું | |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
|---|---|---|
| | નિયંત્રણ કરી શકો છો.<br>• લોકેશનની માહિતી જેમ કે GPS, IP ઍડ્રેસ અને તમારા ડિવાઇસ પરના કે તેની આજુબાજુના સેન્સર પરથી મળેલો અન્ય ડેટા, જે આંશિક રીતે તમારા ડિવાઇસ અને એકાઉન્ટ સેટિંગ પર આધાર રાખે છે.<br>• સાર્વજનિક રીતે ઍક્સેસ કરી શકાતા સૉર્સમાંની માહિતી, જેમ કે સાર્વજનિક રીતે ઑનલાઇન ઉપલબ્ધ માહિતી (જેમ કે જો તમારું નામ સમાચારપત્રના લેખમાં જોવા મળ્યું હોય) અથવા અન્ય સાર્વજનિક સૉર્સમાંથી મળેલી માહિતી.<br>• અમારા વિશ્વસનીય ભાગીદારો પાસેથી મળતી માહિતી, જેમ કે એવી ડિરેક્ટરી સેવાઓ પાસેથી મળતી માહિતી જે અમને Googleની સેવાઓ પર બતાવવા માટે વ્યવસાયની | |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
|---|---|---|
| | માહિતી પ્રદાન કરે છે અથવા સુરક્ષા માટેના એવા ભાગીદારો પાસેથી મળતી માહિતી જે અમને દુરુપયોગથી સુરક્ષિત રાખવા માટે માહિતી પ્રદાન કરે છે. | |
| **Google, અમારા વપરાશકર્તાઓ અને લોકોનું રક્ષણ કરવા માટે**<br><br>**અમારી સેવાઓની સલામતી અને વિશ્વસનીયતાને બહેતર બનાવવામાં સહાય માટે, આમાં કપટ, દુરુપયોગ, સુરક્ષા સંબંધિત જોખમો અને ટેક્નિકલ સમસ્યાઓની ભાળ મેળવવી, તેને અટકાવવી અને તેનો પ્રતિસાદ આપવા જેવી બાબતો શામેલ છે કે જે Google, અમારા વપરાશકર્તાઓ અથવા લોકોને નુકસાન પહોંચાડી શકે છે.**<br><br>પ્રક્રિયા કરવાની પ્રવૃત્તિઓના ઉદાહરણો:<br>• ઑટોમૅટિક રીતે થતા દુરુપયોગ સામે રક્ષણ માટે IP ઍડ્રેસ અને કુકીનો ડેટા એકત્ર કરવા અને તેનું વિશ્લેષણ કરવા માટે. આ દુરુપયોગ ઘણા રૂપો લે છે, જેમ કે Gmail વપરાશકર્તાઓને સ્પામ મોકલવા, જાહેરાતો પર કપટપૂર્ણ રીતે ક્લિક કરીને જાહેરાતકર્તાઓ પાસેથી નાણાં ચોરવા અથવા ડિસ્ટ્રિબ્યુટેડ ડિનાઅલ ઑફ | પ્રક્રિયા કરવાની માહિતી તમારા સેટિંગ અને તમે Googleની સેવાઓનો ઉપયોગ કરો છો કે નહીં તેના પર આધાર રાખશે અને તેમાં નીચેની બાબતો શામેલ હોઈ શકે છે:<br>• તમે બનાવો છો અથવા અમને પ્રદાન કરો છો તેવી વસ્તુઓ:<br>  • તમે બનાવો છો, અપલોડ કરો છો કે પ્રાપ્ત કરો છો તે કન્ટેન્ટ (જેમ કે ફોટા, વીડિયો, ઇમેઇલ, દસ્તાવેજો અને સ્પ્રેડશીટ). Google Dashboard તમને તમે કોઈ ચોક્કસ પ્રોડક્ટ સાથે સંકળાયેલી માહિતી મેનેજ કરવાની સુવિધા આપે છે.<br>  • તમે Google એકાઉન્ટ | આ માહિતી પર પ્રક્રિયા કરવા માટેના કાનૂની આધાર Googleની સેવાઓનો ઉપયોગ કરવાની તમારી રીત અને તમારા સેટિંગ પર નિર્ભર કરશે પણ તેમાં નીચેની બાબતો શામેલ હોઈ શકે છે:<br>• જ્યારે નીચે જણાવેલી બાબતો સહિત અમારા અને ત્રીજા પક્ષોના **કાયદેસરના હિતસંબંધો** માટે જરૂરી હોય:<br>  • **લાગુ સેવાની શરતોના સંભવિત ઉલ્લંઘનની તપાસ સહિત, કાનૂની દાવા લાગુ કરવા.** ઉદાહરણ તરીકે, સ્પામ, માલવેર અને ગેરકાનૂની કન્ટેન્ટ જેવા દુરુપયોગ શોધવામાં અમારી સહાય કરવા માટે કન્ટેન્ટનું વિશ્લેષણ કરવા.<br>  • **અમારી સેવાઓ સાથે થતા કપટ, તેનો દુરુપયોગ, તેની સુરક્ષા અથવા તેમાં આવતી ટેક્નિકલ સમસ્યાઓની ભાળ મેળવવા, અટકાવવા** |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
|---|---|---|
| સર્વિસ (DDoS) અટૅકને લૉન્ચ કરીને કન્ટેન્ટ સેન્સર કરવું.<br>• Gmailમાં 'છેલ્લી એકાઉન્ટ પ્રવૃત્તિ' સુવિધા તમારી જાણ વિના તમારા ઇમેઇલને કોઈ વ્યક્તિ ઍક્સેસ કરે કે કેમ અને ક્યારે તે શોધવામાં તમારી સહાય કરી શકે છે. આ સુવિધા તમને Gmailની તાજેતરની પ્રવૃત્તિ વિશેની માહિતી બતાવે છે, જેમ કે તમારી મેઇલને ઍક્સેસ કરનાર IP ઍડ્રેસ, સંકળાયેલ સ્થાન તેમજ ઍક્સેસનો તારીખ અને સમય.<br>• સ્પામ, માલવેર અને ગેરકાનૂની કન્ટેન્ટ જેવા દુરુપયોગ શોધવામાં અમારી સહાય કરવા માટે, અમે તમારા કન્ટેન્ટનું વિશ્લેષણ કરીએ છીએ.<br>• અમે વિનંતીનું મૂલ્યાંકન કરવા અને પારદર્શિતાની ખાતરી કરવા, જવાબદારીને બહેતર બનાવવા તથા આવી બાબતોમાં થતો દુરુપયોગ અને કપટને અટકાવવા માટે Googleનું કન્ટેન્ટ કાઢી નાખવાની પૉલિસીઓ અથવા લાગુ કાયદા હેઠળ, અમારી સેવાઓમાંથી કન્ટેન્ટને કાઢી નાખવાની વિનંતીઓ વિશેની માહિતી પર પ્રક્રિયા કરીએ છીએ.<br><br>**કોઈપણ લાગુ કાયદા, નિયમન, કાનૂની પ્રક્રિયા અથવા અમલ** | બનાવતી વખતે અમને આપેલી વ્યક્તિગત માહિતી (જેમ કે તમારું નામ અને પાસવર્ડ, ફોન નંબર, જન્મતારીખ અથવા ચુકવણીની માહિતી).<br>• તમે અમારી સેવાઓનો ઉપયોગ કરો, ત્યારે અમે એકત્રિત કરીએ છીએ તે માહિતી:<br>  • તમે જેનો ઉપયોગ કરી રહ્યાં છો તે બ્રાઉઝર, ઍપ્લિકેશન અથવા ડિવાઇસ સાથે સંકળાયેલા વિશિષ્ટ ઓળખકર્તાઓ જેવી તમારી ઍપ, બ્રાઉઝર અને ડિવાઇસ વિશેની માહિતી અને અમારી સેવાઓ સાથે તમારી ઍપ, બ્રાઉઝર અને ડિવાઇસની ક્રિયાપ્રતિક્રિયા વિશેની માહિતી, (જેમ કે IP ઍડ્રેસ, ક્રૅશ રિપોર્ટ અને | **અથવા તેનું નિરાકરણ કરવા.** ઉદાહરણ તરીકે, ઑટોમૅટિક રીતે થતા દુરુપયોગ સામે રક્ષણ કરવા માટે IP ઍડ્રેસ અને કુકીનો ડેટા મેળવવા અને તેનું વિશ્લેષણ કરવા.<br>• **સરકારી અધિકારીઓ સમક્ષ માહિતી જાહેર કરવા સહિત, કાયદા દ્વારા આવશ્યક અથવા મંજૂર હોય તે મુજબ, Googleના, અમારા વપરાશકર્તાઓના અથવા લોકોના અધિકારો, પ્રોપર્ટી અથવા સલામતી જેવી બાબતોના નુકસાન સામે રક્ષણ કરવા.** ઉદાહરણ તરીકે, દરેક વિનંતીનો કાળજીપૂર્વક રિવ્યૂ કર્યા પછી અને તે લાગુ કાયદાનું પાલન કરે છે તેની ખાતરી કર્યા પછી ડેટા જાહેર કરવા માટેની કાનૂની પ્રક્રિયાનો અથવા સરકારો અને અદાલતોની લાગુ કરવા યોગ્ય વિનંતીઓનો પ્રતિસાદ આપવા.<br>• **અમારા વપરાશકર્તાઓ માટે અમારી સેવાઓને બહેતર બનાવે અને** |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
| --- | --- | --- |
| **કરવા યોગ્ય સરકારી વિનંતી પૂરી કરવા માટે.**<br><br>પ્રક્રિયા કરવાની પ્રવૃત્તિઓના ઉદાહરણો:<br><br>• અન્ય ટેકનોલોજી અને સંચાર કંપનીઓની જેમ, Googleને નિયમિતપણે વિશ્વભરની સરકારો અને અદાલતો તરફથી વપરાશકર્તા ડેટા જાહેર કરવાની વિનંતીઓ પ્રાપ્ત થાય છે. ગોપનીયતાના આદર અને Google સાથે તમે સંગ્રહિત કરો છો તે ડેટાની સુરક્ષા આ કાનૂની વિનંતીઓના પાલન પ્રત્યેના અમારા અભિગમને મજબૂત બનાવે છે. અમારી કાનૂની ટીમ, પ્રકાર પર ધ્યાન આપ્યાં વિના દરેક વિનંતીનું રિવ્યૂ કરે છે અને જ્યારે વિનંતી વધારે પડતી વિસ્તીર્ણ હોય અથવા યોગ્ય પ્રક્રિયાને ફૉલો કરતી ન હોય ત્યારે અમે વારંવાર પાછી મોકલીએ છીએ.<br><br>• કાનૂની જવાબદારીઓ માટે કેટલીકવાર અમને નાણાકીય રેકોર્ડ રાખવા જેવા હેતુઓ માટે અમુક માહિતી જાળવી રાખવાની જરૂર પડે છે, જેમ કે ટેક્સ અથવા નાણાકીય હેતુઓ માટે Googleને તમારા દ્વારા કરવામાં આવેલી ચુકવણી વિશેની માહિતી.<br><br>• અમારા વપરાશકર્તાઓ અમારી સેવાઓનો ઉપયોગ કરવા માટે કાનૂની ઉંમરના છે કે કેમ તે કન્ફર્મ કરવા માટે | સિસ્ટમની પ્રવૃત્તિ).<br><br>• અમારી સેવાઓમાંની તમારી પ્રવૃત્તિ વિશેની માહિતી, જેમ કે તમારા શોધ શબ્દો, તમે તમારા Google એકાઉન્ટ સાથે સિંક કરેલો Chromeનો બ્રાઉઝિંગ ઇતિહાસ, તમારા વ્યૂ અને કન્ટેન્ટ અને જાહેરાતો સાથેની ક્રિયાપ્રતિક્રિયાઓ તેમજ અમારી સેવાઓનો ઉપયોગ કરતી ત્રીજા પક્ષની સાઇટ અને ઍપ પરની તમારી પ્રવૃત્તિ. તમે તમારા Google એકાઉન્ટમાં સ્ટોર કરવામાં આવેલા પ્રવૃત્તિના ડેટાને મારી પ્રવૃત્તિમાં રિવ્યૂ કરી શકો છો અને તેનું નિયંત્રણ કરી શકો છો.<br><br>• લોકેશનની માહિતી જેમ કે | **લોકોને લાભ પહોંચાડે એવું સંશોધન કરવા.** ઉદાહરણ તરીકે, લોકોને શિક્ષિત કરવા, સંશોધનની સુવિધા આપવા અને આ વિનંતીઓ વિશે પારદર્શિતા પ્રદાન કરવા માટે, અમારી સેવાઓમાંથી કન્ટેન્ટને કાઢી નાખવાની વિનંતીઓ વિશેની માહિતી પર પ્રક્રિયા કરવા.<br><br>• જ્યારે જરૂરી હોય ત્યારે તમારા અથવા અન્ય વ્યક્તિના **મહત્ત્વપૂર્ણ હિતો**નું રક્ષણ કરવા. ઉદાહરણ તરીકે, ઑનલાઇન બાળકોનું જાતીય શોષણ થતું હોય તો તેની ભાળ મેળવવા અને તેની સામે લડવા માટે ડેટા પર પ્રક્રિયા કરવા.<br><br>• અમે તે ત્યારે કરીશું કે જ્યારે અમારી પાસે નાણાકીય રેકોર્ડ જાળવવા અથવા વપરાશકર્તાઓ અમારી સેવાઓનો ઉપયોગ કરવા માટે કાનૂની ઉંમરના છે તેની ખાતરી કરવામાં સહાય માટે માહિતી પર પ્રક્રિયા કરવા અને જાળવવા જેવા હેતુઓ માટે ચોક્કસ માહિતીને જાળવવાની **કાનૂની જવાબદારી** હશે. |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
|---|---|---|
| અમારે વિવિધ કાયદા અને નિયમનો લાગુ કરવા જરૂરી છે. તમારી ઉંમર નક્કી કરવામાં સહાય માટે, તમે પ્રદાન કરેલી જન્મતારીખ પર અમે પ્રક્રિયા કરીએ છીએ. જ્યારે તમે Google એકાઉન્ટમાંથી સાઇન ઇન અથવા સાઇન આઉટ કર્યું હોય ત્યારે બંને વખતે અમે અમારી સેવાઓ પરની તમારી પ્રવૃત્તિ વિશેની માહિતી પર પ્રક્રિયા કરીએ છીએ અને તમારી ઉંમર 18 વર્ષથી વધુ છે કે કેમ તે નિર્ધારિત કરવા માટે મશીન લર્નિંગ ટેક્નોલોજીનો ઉપયોગ કરીએ છીએ. કેટલાક કેસમાં, જો અમે અન્ય માધ્યમથી એ કન્ફર્મ ન કરી શકીએ કે તમે અમારી સેવાઓનો ઉપયોગ કરવા માટેની કાનૂની ઉંમરના છો, તો ઉંમરની ચકાસણી કરવા માટે અમે અન્ય માહિતીની વિનંતી કરી શકીએ છીએ, જેમ કે તમારું સરકારી ID, ક્રેડિટ કાર્ડ, તમારો ફોટો અથવા તમારો ફોન નંબર. | GPS, IP ઍડ્રેસ અને તમારા ડિવાઇસ પરના કે તેની આજુબાજુના સેન્સર પરથી મળેલો અન્ય ડેટા, જે આંશિક રીતે તમારા ડિવાઇસ અને એકાઉન્ટ સેટિંગ પર આધાર રાખે છે.<br>• સાર્વજનિક રીતે ઍક્સેસ કરી શકાતા સૉર્સમાંની માહિતી, જેમ કે સાર્વજનિક રીતે ઑનલાઇન ઉપલબ્ધ માહિતી (જેમ કે જો તમારું નામ સમાચારપત્રના લેખમાં જોવા મળ્યું હોય) અથવા અન્ય સાર્વજનિક સૉર્સમાંથી મળેલી માહિતી.<br>• અમારા વિશ્વસનીય ભાગીદારો પાસેથી મળતી માહિતી, જેમ કે એવી ડિરેક્ટરી સેવાઓ પાસેથી મળતી માહિતી જે અમને Googleની સેવાઓ પર બતાવવા માટે વ્યવસાયની માહિતી પ્રદાન કરે છે અથવા સુરક્ષા માટેના એવા ભાગીદારો પાસેથી મળતી માહિતી જે અમને | |

| શા માટે અને કેવી રીતે અમે ડેટા પર પ્રક્રિયા કરીએ છીએ | કયા ડેટા પર પ્રક્રિયા કરવામાં આવે છે | કાનૂની આધાર |
|---|---|---|
| | દુરુપયોગથી સુરક્ષિત રાખવા માટે માહિતી પ્રદાન કરે છે. | |

આ નીતિ વિશે

## જ્યારે આ નીતિ લાગુ થાય છે

અમારી ગોપનીયતા નીતિ Google LLC અને તેની આનુષંગિકો દ્વારા અપાતી બધી સેવાઓ પર લાગુ થાય છે, જેમાં YouTube, Android અને તૃતીય પક્ષ સાઇટ, જેમ કે અમારી જાહેરાત સેવાઓ દ્વારા આપવામાં આવતી સેવાઓનો સમાવેશ છે. આ ગોપનીયતા નીતિ તે સેવાઓ પર લાગુ થતી નથી કે જે આ ગોપનીયતા નીતિમાં શામેલ નથી તેવી અલગ ગોપનીયતા નીતિઓ ધરાવે છે.

આ ગોપનીયતા નીતિ આની પર લાગુ થતી નથી:

- અમારી સેવાઓની જાહેરાત કરતી અન્ય કંપનીઓ અને સંસ્થાઓના માહિતી સિદ્ધાંતો પર
- અન્ય કંપનીઓ અથવા વ્યક્તિઓ દ્વારા પ્રદાન કરવામાં આવતી એવી સેવાઓ, જેમાં તેમના દ્વારા ઑફર કરાતી પ્રોડક્ટ અથવા સાઇટ શામેલ હોય, આમાં Googleની એવી સેવાઓ શામેલ હોઈ શકે છે કે જેમના પર પૉલિસી લાગુ થાય છે અથવા એવી પ્રોડક્ટ કે સાઇટ જે તમારા શોધ પરિણામોમાં પ્રદર્શિત થતી હોય અથવા અમારી સેવાઓ સાથે લિંક કરેલી હોય

## આ નીતિના ફેરફારો

અમે અમારી ગોપનીયતા નીતિ સમયે સમયે બદલીએ છીએ છે. અમે તમારી સ્પષ્ટ સંમતિ વિના આ ગોપનીયતા નીતિ અંતર્ગત અધિકારોને ઘટાડીશું નહીં. અમે છેલ્લા ફેરફાર પ્રકાશિત કર્યા તે ડેટા હંમેશાં બતાવી છીએ અને તમારા રિવ્યૂ માટે આર્કાઇવ કરેલ આવૃત્તિનો ઍક્સેસ ઑફર કરીએ છીએ. જો ફેરફારો મહત્વપૂર્ણ હોય તો, અમે

એક વધુ વિગતવાર સૂચના પ્રદાન કરીશું (ચોક્કસ સેવાઓ માટે, ગોપનીયતા નીતિ ફેરફારોની ઇમેઇલ નોટિફિકેશન સહિત).

---

સંબંધિત ગોપનીયતા આચરણ

## વિશેષ Google સેવાઓ

નીચેની ગોપનીયતા સૂચનાઓ અમુક Google સેવાઓ વિશે અતિરિક્ત માહિતી પ્રદાન કરે છે:

- Payments
- Fiber
- Google Fi
- Google Workspace for Education
- Read Along
- બાળકો માટે YouTube
- 13 વર્ષથી ઓછી ઉંમર (અથવા તમારા દેશમાં લાગુ ઉંમર) ના બાળકો માટે Google એકાઉન્ટને Family Link સાથે મેનેજ કરવામાં આવે છે
- બાળકો અને કિશોરો માટે Family Linkની પ્રાઇવસી માર્ગદર્શિકા
- Google આસિસ્ટંટ પર બાળકો માટેની સુવિધામાંથી એકત્રિત કરેલો વૉઇસ અને ઑડિયોનો ડેટા

જો તમે કોઈ એવી સંસ્થાના સભ્ય હો, જે Google Workspace અથવા Google Cloud Platformનો ઉપયોગ કરતા હોય, તો આ સેવાઓ કેવી રીતે તમારી વ્યક્તિગત માહિતી એકત્રિત કરે છે અને તેના વપરાશ કરવાની રીત વિશે Google ક્લાઉડ પ્રાઇવસી નોટિસમાં જાણો.

## અન્ય ઉપયોગી સંસાધનો

અમારા સિદ્ધાંતો અને ગોપનીયતા સેટિંગ વિશે વધુ જાણવા માટે નીચેની લિંક તમારા માટે ઉપયોગી સંસાધનો સ્પષ્ટ કરે છે.

- તમારું Google એકાઉન્ટ એ તમારા એકાઉન્ટને સંચાલિત કરવા માટે તમે ઉપયોગમાં લઈ શકો તેવી ઘણી સેટિંગનું હોમ છે
- ગોપનીયતા તપાસ તમારા Google એકાઉન્ટ માટે મુખ્ય ગોપનીયતા સેટિંગ પર ગાઇડ કરે છે
- Googleનું સુરક્ષા કેન્દ્ર તમારા પરિવાર માટે મહત્ત્વના ઑનલાઇન ડિજિટલ નિયમો સેટ કરવામાં સહાય કરવા માટે અમારી બિલ્ટ-ઇન સુરક્ષા, ગોપનીયતા ના નિયંત્રણો અને સાધનો વિશે વધુ જાણવામાં તમારી સહાય કરે છે
- અમને પ્રાઇવસી વિશે મોટે ભાગે પૂછવામાં આવતા કેટલાક પ્રશ્નોના જવાબ Googleની કિશોર વયના માટે પ્રાઇવસી સંબંધિત માર્ગદર્શિકામાં આપવામાં આવ્યા છે
- ગોપનીયતા અને શરતો આ ગોપનીયતા નીતિ અને અમારી સેવાની શરતો સંબંધિત વધુ સંદર્ભ પ્રદાન કરે છે
- ટેક્નોલોજીમાં આ વિશેની વધુ માહિતીનો સમાવેશ થાય છે:
  - Google કૂકીઝનો ઉપયોગ કેવી રીતે કરે છે
  - જાહેરાત માટે ઉપયોગમાં લેવાયેલ ટેકનોલોજી
  - Googleની સેવાઓનો ઉપયોગ કરતી સાઇટો અથવા ઍપ તરફથી મળતી માહિતીનો ઉપયોગ કરવાની અમારી રીત

---

# મુખ્ય શબ્દો

## આનુષંગિકો

આનુષંગિક એક એકમ છે જે Google કંપનીઓના ગ્રૂપ સાથે સંબંધિત છે, જેમાં યુરોપિયન સંઘમાં ગ્રાહક સેવાઓ પૂરી પાડનાર નીચે જણાવેલ કંપનીઓ શામેલ છે: Google Ireland Limited, Google Commerce Ltd, Google Payment Corp, અને Google Dialer Inc. યુરોપિયન સંઘમાં વ્યવસાયિક સેવાઓ પૂરી પાડતી કંપનીઓ વિશે વધુ જાણો.

## ઉપકરણ

ઉપકરણ એક કમ્પ્યુટર છે જેનો ઉપયોગ Google સેવાઓને ઍક્સેસ કરવા માટે થઈ શકે છે. ઉદાહરણ તરીકે, ડેસ્કટૉપ કમ્પ્યુટર, ટૅબ્લેટ, સ્માર્ટ સ્પીકર અને સ્માર્ટફોન બધાને ઉપકરણો ગણવામાં આવે છે.

## ઍલ્ગોરિધમ

સમસ્યા-ઉકેલવાની કામગીરી કરવામાં કમ્પ્યુટર દ્વારા અનુસરવામાં આવતી પ્રક્રિયા અથવા નિયમોનો સેટ.

## ઍપ્લિકેશન ડેટા કેશ

ઍપ્લિકેશન ડેટા કેશ એ ઉપકરણ પરનો ડેટા ભંડાર છે. તે, ઉદાહરણ તરીકે, ઇન્ટરનેટ કનેક્શન વિના કોઈ વેબ ઍપ્લિકેશનને શરૂ કરવામાં સક્ષમ કરી શકે છે અને સામગ્રીને લોડ કરવાનું ઝડપી બનાવીને ઍપ્લિકેશનના પ્રદર્શનને બહેતર બનાવી શકે છે.

## કુકી

કુકી એ એક નાની ફાઇલ છે જેમાં અક્ષરોની એક સ્ટ્રિંગ હોય છે, જે તમે વેબસાઇટની મુલાકાત લો ત્યારે તમારા કમ્પ્યુટરને મોકલવામાં આવે છે. જ્યારે તમે ફરી સાઇટની મુલાકાત લો છો, ત્યારે કુકી તે સાઇટને તમારા બ્રાઉઝરને ઓળખવાની મંજૂરી આપે છે. કુકી વપરાશકર્તાની પસંદગીઓ અને અન્ય માહિતીને સ્ટોર કરી શકે છે. તમે તમારા બ્રાઉઝરને તમામ કુકી નકારવા માટે અથવા કોઈ કુકી ક્યારે મોકલવામાં આવે તે સૂચવવા માટે ગોઠવી શકો છો. જોકે, અમુક વેબસાઇટ સુવિધાઓ અથવા સેવાઓ કુકી વગર યોગ્ય રીતે કાર્ય કરી શકશે નહીં. જ્યારે તમે અમારા ભાગીદારોની સાઇટ અથવા ઍપનો ઉપયોગ કરો છો, ત્યારે Google, કુકીનો ઉપયોગ કેવી રીતે કરે છે અને Google, કુકી સહિત ડેટાનો ઉપયોગ કેવી રીતે કરે છે તેના વિશે વધુ જાણો.

## પિક્સેલ ટૅગ

પિક્સેલ ટૅગ એવા પ્રકારની ટેકનોલોજી છે જે વેબસાઇટ પર અથવા ઇમેઇલના મુખ્ય ભાગની અંદર અમુક પ્રવૃત્તિ, જેમ કે વેબસાઇટના દૃશ્યો અથવા ઇમેઇલ ક્યારે ખોલવામાં આવે છે તે ટ્રૅક કરવાના હેતુથી મૂકવામાં આવે છે. પિક્સેલ ટૅગ ઘણીવાર કુકી સાથે સંયોજનમાં ઉપયોગમાં લેવાય છે.

## બિન-વ્યક્તિગત રૂપે ઓળખી શકાય તેવી માહિતી

આ તે માહિતી છે જે વપરાશકર્તા વિશે રેકોર્ડ કરેલી છે, જેથી તે વ્યક્તિગત રૂપે ઓળખવાયોગ્ય વપરાશકર્તાને હવેથી પ્રતિબિંબિત કે સંદર્ભિત ન કરે.

## બ્રાઉઝર વેબ સંગ્રહ

બ્રાઉઝર વેબ સ્ટોરેજ, વેબસાઇટને ઉપકરણ પરના બ્રાઉઝરમાં ડેટાને સ્ટોર કરાવાનું ચાલુ કરે છે. જ્યારે "સ્થાનિક સ્ટોરેજ" મોડમાં વપરાય છે, ત્યારે તે ડેટાને સમગ્ર સત્રમાં સ્ટોર કરવાનું ચાલુ કરે છે. આ ડેટાને બ્રાઉઝર બંધ કરી દેવાયા પછી અને ફરીથી ખોલી દેવાયા પછી પણ પુનઃપ્રાપ્ત કરવા યોગ્ય બનાવે છે. એક ટેકનિક જે વેબ સ્ટોરેજ સરળ બનાવે છે તે છે HTML 5.

## રેફરલ આપનાર URL

રેફરલ આપનાર URL (યુનિફોર્મ રિસોર્સ લોકેટર) એ વેબ બ્રાઉઝર દ્વારા નિર્ધારિત વેબપેજને પ્રસારિત કરાતી માહિતી છે, ખાસ કરીને જ્યારે તમે તે વેબપેજ પરની કોઈ લિંક પર ક્લિક કરો છો. રેફરલ આપનાર URLમાં બ્રાઉઝરે મુલાકાત લીધેલા છેલ્લા વેબપેજનું URL હોય છે.

## વિશેષ ઓળખકર્તાઓ

એક વિશેષ ઓળખકર્તા અક્ષરોની સ્ટ્રિંગ છે જેનો ઉપયોગ બ્રાઉઝર, ઍપ અથવા ઉપકરણને વિશેષ રૂપે ઓળખવા માટે ઉપયોગ કરી શકાય છે. વિભિન્ન ઉપકરણ ઓળખકર્તાઓ તે કેટલા સ્થાયી છે, તે વપરાશકર્તાઓ દ્વારા રીસેટ કરી શકાય છે કે કેમ અને તે કેવી રીતે ઍક્સેસ કરી શકાય છે તેના આધારે ભિન્ન હોઈ શકે છે.

વિશેષ ઓળખકર્તાઓનો ઉપયોગ સુરક્ષા અને કપટ તપાસ, તમારા ઇમેઇલ ઇનબૉક્સ જેવી સેવાઓને સિંક કરવા, તમારી પસંદગીને યાદ રાખવા અને વ્યક્તિગત જાહેરાત પ્રદાન કરવી તે સહિતના વિવિધ હેતુઓ માટે થઈ શકે છે. ઉદાહરણ તરીકે, કુકીમાં સ્ટોર કરેલ વિશેષ ઓળખકર્તાઓ સાઇટને તમારા બ્રાઉઝરમાં તમારી પસંદગીની ભાષામાં કન્ટેન્ટને ડિસ્પ્લે કરવામાં સહાય કરે છે. તમે તમારા બ્રાઉઝરને તમામ કુકી નકારવા માટે અથવા કોઈ કુકી ક્યારે મોકલવામાં આવે તે સૂચવવા માટે ગોઠવી શકો છો. કુકીનો ઉપયોગ કરવાની Googleની રીત વિશે વધુ જાણો.

અન્ય પ્લૅટફૉર્મ પર બ્રાઉઝર ઉપરાંત, વિશિષ્ટ ઉપકરણ અથવા તે ઉપકરણ પર ઍપને ઓળખવા માટે વિશેષ ઓળખકર્તાઓનો ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે, વિશેષ ઓળખકર્તા જેમ કે જાહેરાત ID Android ઉપકરણો પર સંબંધિત જાહેરાત પ્રદાન કરવા માટે વપરાય છે અને તમારા ઉપકરણની સેટિંગમાં મેનેજ કરી શકાય છે. વિશેષ ઓળખકર્તાઓ ઉપકરણમાં તેના નિર્માતા દ્વારા શામેલ કરવામાં આવે છે (સાર્વત્રિક અજોડ ID અથવા UUID કહેવામાં આવે છે), જેમ કે મોબાઇલ ફોનનો IMEI-નંબર. ઉદાહરણ તરીકે, ઉપકરણના વિશેષ ઓળખકર્તાનો ઉપયોગ તમારા ઉપકરણની અમારી સેવાને કસ્ટમાઇઝ કરવા અથવા અમારી સેવાઓ સંબંધિત ઉપકરણ સમસ્યાઓનું વિશ્લેષણ કરવા માટે થઈ શકે છે.

## વ્યક્તિગત માહિતી

આ તે માહિતી છે જે તમે અમને આપો છો જે તમને વ્યક્તિગત રૂપે ઓળખે છે, જેમ કે તમારું નામ, ઇમેઇલ ઍડ્રેસ અથવા બિલિંગ માહિતી, જે Google દ્વારા આવી માહિતીને વાજબી રૂપે લિંક થઈ શકે છે, જેમ કે અમે તમારા Google એકાઉન્ટ સાથે સાંકળીએ છીએ તે માહિતી.

## સંવેદનશીલ વ્યક્તિગત માહિતી

આ વ્યક્તિગત માહિતીની એક વિશેષ કૅટેગરી છે જે ગોપનીય તબીબી હકીકતો, જાતિ અથવા નૈતિક ઑરિજિન, રાજકીય અથવા ધાર્મિક માન્યતાઓ અથવા જાતિયતા જેવા વિષયોથી સંબંધિત છે.

## સર્વર લૉગ્સ

મોટા ભાગની વેબસાઇટની જેમ, અમારું સર્વર જ્યારે તમે અમારી સાઇટ્સની મુલાકાત લો છો ત્યારે કરેલ પૃષ્ઠ વિનંતીઓને આપમેળે રેકોર્ડ કરે છે. આ "સર્વર લૉગ્સ"માં સામાન્ય રીતે તમારી વેબ વિનંતી, ઇંટરનેટ પ્રોટોકોલ સરનામું, બ્રાઉઝર પ્રકાર, બ્રાઉઝર ભાષા, તમે વિનંતી કર્યાની તારીખ અને સમય અને તમારા બ્રાઉઝરને અનન્ય રીતે ઓળખતી એક અથવા વધુ કૂકીઝનો સમાવેશ થાય છે.

"કાર" માટે શોધની સામાન્ય લૉગ એન્ટ્રી આવી દેખાય છે:

```
123.45.67.89 - 25/Mar/2003 10:15:32 -
http://www.google.com/search?q=cars -
Firefox 1.0.7; Windows NT 5.1 -
740674ce2123e969
```

- `123.45.67.89` એ વપરાશકર્તાનાં ISP દ્વારા વપરાશકર્તાને સોંપવામાં આવેલું ઇન્ટરનેટ પ્રોટોકૉલ ઍડ્રેસ છે. વપરાશકર્તાની સેવાને આધારે, વપરાશકર્તા ઇન્ટરનેટથી કનેક્ટ થાય તે દર વખતે તેમના સેવા પ્રદાતા દ્વારા તેમને એક ભિન્ન ઍડ્રેસ સોંપવામાં આવી શકે છે.

- `25/Mar/2003 10:15:32` ક્વેરીની તારીખ અને સમય છે.

- `http://www.google.com/search?q=cars` શોધ ક્વેરી સહિત, આ વિનંતી કરેલ URL છે.

- `Firefox 1.0.7; Windows NT 5.1` ઉપયોગ થઈ રહેલાં બ્રાઉઝર અને ઑપરેટિંગ સિસ્ટમ છે.

- `740674ce2123a969` આ ચોક્કસ કમ્પ્યુટર પ્રથમ વખત Googleની મુલાકાત લીધી ત્યારે તેને સોંપવામાં આવેલ વિશેષ કુકી ID છે. (કુકી વપરાશકર્તાઓ દ્વારા ડિલીટ કરી શકાય છે. જો વપરાશકર્તાએ

છેલ્લીવાર તેમણે Googleની મુલાકાત લીધી ત્યારે કમ્પ્યુટર પરથી કુકી ડિલીટ કરી હશે, તો તેમને આગલી વખત તે ચોક્કસ ઉપકરણ પરથી Googleની મુલાકાત લે ત્યારે એક વિશેષ કુકી ID સોંપવામાં આવશે).

### Google એકાઉન્ટ

તમે Google એકાઉન્ટ માટે સાઇન અપ કરીને અને અમને અમુક વ્યક્તિગત માહિતી (સામાન્ય રૂપે તમારું નામ, ઇમેઇલ ઍડ્રેસ અને પાસવર્ડ) આપીને અમારી અમુક સેવાઓને ઍક્સેસ કરી શકો છો. આ એકાઉન્ટ માહિતીનો ઉપયોગ જ્યારે તમે Google સેવાઓને ઍક્સેસ કરો છો ત્યારે તમને પ્રમાણીકૃત કરવા માટે અને તમારા એકાઉન્ટને અન્ય લોકોની અનધિકૃત ઍક્સેસથી સુરક્ષિત કરવા માટે થશે. તમે તમારી Google એકાઉન્ટ સેટિંગના માધ્યમથી કોઈપણ સમયે તમારા એકાઉન્ટમાં ફેરફાર કરી શકો છો અથવા તેને ડિલીટ કરી શકો છો.

### IP સરનામું

ઇંટરનેટથી કનેક્ટ થયેલા દરેક ઉપકરણને એક નંબર અસાઇન કરવામાં આવે છે જે ઇંટરનેટ પ્રોટોકોલ (IP) સરનામું કહેવાય છે. આ નંબરો સામાન્ય રીતે ભૌગોલિક ખંડોમાં અસાઇન હોય છે. IP સરનામું ઘણીવાર ઇંટરનેટથી કનેક્ટ થયેલું ઉપકરણ કયા સ્થાનથી છે તે ઓળખવા માટે ઉપયોગમાં લઈ શકાય છે.

## વધારાનો સંદર્ભ

### અન્ય સાઇટ અને ઍપ પરની તમારી પ્રવૃત્તિ

આ પ્રવૃત્તિ, કદાચ Google સેવાઓના તમારા ઉપયોગ, જેમ કે Chrome સાથે તમારા એકાઉન્ટને સિંક કરવાથી, અથવા તો જેની Google સાથે ભાગીદારી હોય તેવી સાઇટ અને ઍપની તમારી મુલાકાતોથી આવી શકે છે. ઘણી વેબસાઇટ અને ઍપ તેમનું કન્ટેન્ટ અને સેવાઓને બહેતર બનાવવા માટે Google સાથે ભાગીદારી કરે છે. ઉદાહરણ તરીકે, કોઈ વેબસાઇટ, અમારી જાહેરાત સેવાઓ (જેમ કે AdSense) અથવા વિશ્લેષણ સાધનો (Google Analytics)નો ઉપયોગ કરી શકે છે અથવા તે અન્ય કન્ટેન્ટ (જેમ કે YouTubeના વીડિઓ) શામેલ કરી શકે છે. આ સેવાઓ Google સાથે તમારી પ્રવૃત્તિ વિશેની માહિતી શેર કરી શકે છે અને તમારી એકાઉન્ટ સેટિંગ્સ અને ઉપયોગમાં હોય તે પ્રોડક્ટ (ઉદાહરણ તરીકે, જ્યારે કોઈ ભાગીદાર, અમારી જાહેરાત સેવાઓના જોડાણમાં Google Analyticsનો ઉપયોગ કરે છે)ના આધારે આ ડેટા તમારી વ્યક્તિગત માહિતી સાથે સંકળાયેલ હોઈ શકે છે.

તમે અમારા ભાગીદારની સાઇટ્સ અથવા ઍપ્લિકેશન્સનો ઉપયોગ કરો, ત્યારે Google ડેટાનો ઉપયોગ કેવી રીતે કરે છે તે વિશે વધુ જાણો.

### અમારા વપરાશકર્તાઓ

ઉદાહરણ તરીકે, દુરુપયોગ અટકાવવા અને અમારી ઑનલાઇન કન્ટેન્ટ મધ્યસ્થતાની બાબતોમાં પારદર્શિતા અને જવાબદારી વધારવા માટે, Google અમારી સેવાઓમાંથી કન્ટેન્ટને કાઢી નાખવાની વિનંતીઓ વિશેનો ડેટા Lumen સાથે શેર કરે છે, જે ઇન્ટરનેટના વપરાશકર્તાઓને તેમના અધિકારોને સમજવામાં સહાય કરવા સંશોધનની સુવિધા આપવા માટે આ વિનંતીઓને એકત્રિત કરે છે અને તેનું વિશ્લેષણ કરે છે. વધુ જાણો.

## અમારી સેવાઓ હેતુ મુજબ કાર્ય કરે છે તેની ખાતરી

ઉદાહરણ તરીકે, અમે સમસ્યાઓ શોધવા માટે નિરંતર અમારી સિસ્ટમનું મોનિટર કરીએ છીએ. અને કોઈ વિશેષ સુવિધામાં જો અમને કંઈક ખોટું જણાય, તો સમસ્યા પ્રારંભ થાય તે પહેલાં એકત્રિત કરેલી પ્રવૃત્તિ માહિતીનું રિવ્યૂ કરવું તે અમને વસ્તુઓને વધુ ઝડપથી ઠીક કરવામાં સહાયરૂપ થાય છે.

## અમારી સેવાઓનું વિતરણ

અમારી સેવાઓનું વિતરિત કરવા માટે અમે તમારી માહિતીનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ તેના ઉદાહરણો:

- અમે તમારા ઉપકરણને સોંપવામાં આવેલ IP ઍડ્રેસનો ઉપયોગ તમને તમે વિનંતી કરેલ ડેટા મોકલવા માટે કરીએ છીએ, જેમ કે YouTube વીડિઓ લોડ કરવા
- તમને તમારા Google એકાઉન્ટનો ઍક્સેસ હોવો જોઈએ તે વ્યક્તિ તરીકે તમને પ્રમાણિત કરવામાં અમારી સહાય માટે અમે તમારા ઉપકરણ પર કુકીમાં સ્ટોર કરેલ વિશેષ ઓળખકર્તાઓનો ઉપયોગ કરીએ છીએ
- તમે Google ફોટો પર અપલોડ કરો તે ફોટા અને વીડિઓનો ઉપયોગ તમને આલ્બમ, ઍનિમેશન અને તમે શેર કરી શકો તેવી અન્ય રચનાઓ બનાવવા માટે થાય છે. વધુ જાણો
- તમે પ્રાપ્ત કરો છો તે ફ્લાઇટ કન્ફર્મેશન ઇમેઇલનો ઉપયોગ તમારા Gmailમાં દેખાતા "ચેક-ઇન" બટન બનાવવા માટે થઈ શકે છે
- જ્યારે તમે અમારી પાસેથી સેવાઓ અથવા ભૌતિક સામાન ખરીદો, ત્યારે તમે અમને વિતરણ માટેનું સરનામું અથવા વિતરણની સૂચનાઓ જેવી માહિતી પૂરી પાડી શકો છો. અમે આ માહિતીનો ઉપયોગ, ઑર્ડરની પ્રક્રિયા કરવા, પૂર્તિ કરવા અને વિતરણ કરવા જેવી વસ્તુઓ માટે અને તમે ખરીદો છો તે પ્રોડક્ટ અને સેવાના સંબંધમાં સહાય પૂરી પાડવા માટે કરીએ છીએ.

## અમારી સેવાઓને કસ્ટમાઇઝ કરવી

ઉદાહરણ તરીકે, અમે તમારા દેશની વિશેષ ઇવેન્ટની ઉજવણી કરવા માટે શોધ હોમપેજ પર Google ડૂડલ પ્રદર્શિત કરી શકીએ છીએ.

## અમે એકત્રિત કરીએ છીએ તે માહિતીનું સંયોજન

અમે એકત્રિત કરીએ છીએ તે માહિતીને અમે કેવી રીતે સંયુક્ત કરીએ છે તેના કેટલાક ઉદાહરણોમાં આ શામેલ છે:

- જ્યારે તમે તમારા Google એકાઉન્ટમાં સાઇન ઇન કરેલ હોય અને Google પર શોધો, ત્યારે તમને Gmail અથવા Google કૅલેન્ડર જેવા અન્ય Google પ્રોડક્ટમાં તમે ધરાવતા હોય તે કન્ટેન્ટથી સંબંધિત માહિતીની સાથે સાથે સાર્વજનિક વેબના શોધ પરિણામો પણ દેખાઈ શકે છે. આમાં તમારી આગામી ફ્લાઇટ, રેસ્ટોરન્ટ અને હોટેલ આરક્ષણની સ્થિતિ અથવા તમારા ફોટા જેવી વસ્તુઓ શામેલ હોઈ શકે છે. વધુ જાણો
- જો તમે Gmail દ્વારા કોઈની સાથે સંચાર કર્યો હોય અને તેમને Google દસ્તાવેજ અથવા Google કૅલેન્ડરમાં ઇવેન્ટમાં ઉમેરવા માગતા હોય, તો જ્યારે તમે તેમનું નામ લખવાનું શરૂ કરો છો ત્યારે Google તેમના ઇમેઇલ ઍડ્રેસને આપમેળે પૂર્ણ કરીને આવું કરવાનું સરળ બનાવે છે. આ સુવિધા તમે જાણતા હોય તે લોકો સાથે વસ્તુઓ શેર કરવાનું સરળ બનાવે છે. વધુ જાણો
- તમારી સેટિંગના આધારે, તમને મનગમતું કન્ટેન્ટ બતાવવા માટે Google ઍપ તમે અન્ય Google પ્રોડક્ટમાં સ્ટોર કરેલ હોય તે ડેટાનો ઉપયોગ કરી શકે છે. ઉદાહરણ તરીકે, જો તમે તમારી વેબ અને ઍપ પ્રવૃત્તિમાં શોધને સ્ટોર કરેલ હોય, તો Google ઍપ ત્કમારી પ્રવૃત્તિના આધારે તમને ખેલ-કૂદનો સ્કોર જેવી તમારી રુચિઓ વિશેના સમાચાર લેખ અને અન્ય માહિતી બતાવી શકે છે. વધુ જાણો
- જો તમે તમારા Google એકાઉન્ટને તમારા Google હોમથી લિંક કરો છો, તો તમે તમારી માહિતીને મેનેજ કરી શકો છો અને Google આસિસ્ટંટ મારફતે વસ્તુઓને પૂર્ણ થયેલ મેળવી શકો છો. ઉદાહરણ તરીકે, તમે તમારા Google કૅલેન્ડરમાં ઇવેન્ટ મેળવી શકો છો અથવા દિવસ માટેનું તમારું શેડ્યૂલ મેળવી શકો છો, તમારી આગામી ફ્લાઇટ વિશે સ્ટેટસ અપડેટ પૂછી શકો છો અથવા તમારા ફોન પર ડ્રાઇવિંગ દિશા-નિર્દેશો જેવી માહિતી મોકલી શકો છો. વધુ જાણો

## ઉપકરણો

ઉદાહરણ તરીકે, તમે Google Playથી ખરીદો છો તે ઍપ ઇન્સ્ટૉલ કરવા માટે અથવા મૂવી જોવા માટે તમે કયા ઉપકરણનો ઉપયોગ કરશો તે નક્કી કરવામાં તમારી સહાય કરવા માટે તમારા ઉપકરણોમાંથી માહિતીનો ઉપયોગ કરી શકી છીએ. અમે આ માહિતીનો ઉપયોગ તમારા એકાઉન્ટનું રક્ષણ કરવા માટે પણ કરી શકીએ છીએ.

## ઑનલાઇન તમારા માટે સૌથી મહત્વપૂર્ણ હોય તેવા લોકો

ઉદાહરણ તરીકે, જ્યારે તમે કમ્પોઝ કરી રહ્યાં હોય તે ઇમેઇલની પ્રતિ, Cc અથવા Bcc ફીલ્ડમાં ઍડ્રેસ લખી રહ્યાં હોય, ત્યારે Gmail, તમે સૌથી વધુ વાર જેનો સંપર્ક કરતા હોય તે લોકોના આધારે ઍડ્રેસ સૂચવશે.

## કસ્ટમાઇઝ કરેલ શોધ પરિણામો

ઉદાહરણ તરીકે, જ્યારે તમે તમારા Google એકાઉન્ટમાં સાઇન ઇન કરેલ હોય અને વેબ અને ઍપ પ્રવૃત્તિ નિયંત્રણ ચાલુ કરેલ હોય, ત્યારે તમે વધુ સંબંધિત શોધ પરિણામો મેળવી શકો છો કે જે તમારી પહેલાંની શોધ અને અન્ય Google સેવાઓ પરની પ્રવૃત્તિ પર આધારિત હોય છે. તમે અહીં વધુ જાણી શકો છો. તમે સાઇન આઉટ કરેલ હોય તો પણ તમે કસ્ટમાઇઝ કરેલ શોધ પરિણામો મેળવી શકો છો. જો તમને શોધ કસ્ટમાઇઝેશનનું આ સ્તર ન જોઈતું હોય, તો તમે ખાનગી રૂપે શોધ અને બ્રાઉઝ કરી શકો છો અથવા સાઇન-આઉટ રહીને શોધ વૈયક્તિકરણને બંધ કરી શકો છો.

## કાઢી નાખો

ઉદાહરણ તરીકે, ઉપર જણાવ્યા પ્રમાણે, તમે લાગુ કાયદા (ડેટા સંરક્ષણ કાયદા સહિત) અને અમારી પૉલિસીઓના આધારે, Googleની વિશેષ સેવાઓમાંથી તમારી માહિતી ધરાવતા હોઈ શકે એવા કન્ટેન્ટ સહિતના કન્ટેન્ટને કાઢી નાખવાની વિનંતી કરી શકો છો.

## કાનૂની પ્રક્રિયા અથવા લાગુ સરકારી વિનંતી

અન્ય ટેકનોલોજી અને સંચાર કંપનીઓની જેમ, Googleને નિયમિતપણે વિશ્વભરની સરકારો અને અદાલતો તરફથી વપરાશકર્તા ડેટા જાહેર કરવાની વિનંતીઓ પ્રાપ્ત થાય છે. ગોપનીયતાના આદર અને Google સાથે તમે સંગ્રહિત કરો છો તે ડેટાની સુરક્ષા આ કાનૂની વિનંતીઓના પાલન પ્રત્યેના અમારા અભિગમને મજબૂત બનાવે છે. અમારી કાનૂની ટીમ, પ્રકાર પર ધ્યાન આપ્યાં વિના દરેક વિનંતીનું રિવ્યૂ કરે છે અને જ્યારે વિનંતી વધારે પડતી વિસ્તીર્ણ હોય અથવા યોગ્ય પ્રક્રિયાને ફૉલો કરતી ન હોય ત્યારે અમે વારંવાર પાછી મોકલીએ છીએ. અમારી પારદર્શિતા રિપોર્ટમાં વધુ જાણો.

## કૉલ કરવા અને પ્રાપ્ત કરવા અથવા સંદેશા મોકલવા અને પ્રાપ્ત કરવા માટેની સેવાઓ

આ સેવાઓના ઉદાહરણમાં નિમ્નલિખિત શામેલ છે:

- Google Voice, કૉલ કરવા અને મેળવવા, ટેક્સ્ટ સંદેશા મોકલવા અને વૉઇસમેઇલ મેનેજ કરવા માટે
- Google Meet, વીડિયો કૉલ કરવા અને મેળવવા માટે
- Gmail, ઇમેઇલ મોકલવા અને મેળવવા માટે
- Google Chat, સંદેશા મોકલવા અને મેળવવા માટે

- Google Duo, વીડિયો કૉલ કરવા અને મેળવવા તેમજ સંદેશા મોકલવા અને મેળવવા માટે
- ફોનના પ્લાન માટે, Google Fi

## ખાતરી અને સુધારો

ઉદાહરણ તરીકે, અમારી જાહેરાતોનું કાર્યપ્રદર્શન બહેતર બનાવવા માટે લોકો જાહેરાત સાથે કેવી રીતે ક્રિયાપ્રતિક્રિયા કરે છે તેનું વિશ્લેષણ કરીએ છીએ.

## ચુકવણીની માહિતી

જો તમે તમારા Google એકાઉન્ટમાં ક્રેડિટ કાર્ડ અથવા અન્ય ચુકવણી પદ્ધતિ ઉમેરો છો, તો તમે તેનો ઉપયોગ અમારી બધી સેવાઓ, જેમ કે Play Storeમાં ઍપ જેવી વસ્તુઓ ખરીદવા માટે કરી શકો છો. તમારી ચુકવણીની પ્રક્રિયા કરવામાં સહાય માટે અમે અન્ય માહિતી પણ પૂછી શકીએ છીએ, જેમ કે વ્યવસાયનું ટૅક્સ ID. કેટલાક કેસમાં, અમને તમારી ઓળખ ચકાસવાની જરૂર પણ પડી શકે છે અને આ કરવા માટે તમને માહિતી પૂછી શકીએ છીએ.

ઉદાહરણ તરીકે, જો તમે Google એકાઉન્ટ ધરાવવા માટે પર્યાપ્ત ઉંમરના નથી એવું દર્શાવતી ખોટી માહિતી દાખલ કરો છો, તો તમે અમારી ઉંમર આવશ્યક્તાઓની પૂર્તિ કરો છો તે ચકાસવા માટે પણ અમે ચુકવણીની માહિતીનો ઉપયોગ કરી શકીએ છીએ. વધુ જાણો

## તમને સૌથી વધુ ઉપયોગી જણાતી જાહેરાતો

ઉદાહરણ તરીકે, જો તમે YouTube પર બેકિંગ વિશેના વીડિઓ જુઓ છો, તો તમે વેબ બ્રાઉઝ કરો કે તરત જ તમને બેકિંગથી સંબંધિત હોય તેવી જાહેરાતો વધુ દેખાઈ શકે છે. અમે તમારું અંદાજિત સ્થાન નિર્ધારિત કરવા માટે તમારા IP ઍડ્રેસનો ઉપયોગ પણ કરીએ છીએ, જેથી જો તમે "પિઝા" માટે શોધો છો તો અમે તમને નજીકની પિઝા વિતરણ સેવા માટેની જાહેરાતો આપી શકીએ. Google જાહેરાતો વિશે અને અમને શા માટે ચોક્કસ પ્રકારની જાહેરાતો દેખાય છે તે વિશે વધુ જાણો.

## તમારા ઉપકરણના સેન્સર ડેટા દ્વારા

તમારા ઉપકરણમાં એવા સેન્સર હોઈ શકે કે જેનો ઉપયોગ તમારું સ્થાન અને ગતિવિધિને બહેતર સમજવામાં થઈ શકે છે. ઉદાહરણ તરીકે, ઍક્સીલરોમીટરનો ઉપયોગ તમારી ઝડપ નિર્ધારિત કરવા અથવા જાઇરોસ્કોપનો ઉપયોગ તમારી મુસાફરીની દિશાને સમજવા માટે થઈ શકે છે.

## તમારા ઉપકરણની નજીકની વસ્તુઓ વિશેની માહિતી

જો તમે Android પર Googleની સ્થાન સેવાઓનો ઉપયોગ કરો છો, તો અમે Google નકશા જેવા, તમારા સ્થાન પર વિશ્વાસ કરતી ઍપનું કાર્યપ્રદર્શન બહેતર બનાવી શકીએ છીએ. જો તમે Googleની સ્થાન સેવાઓનો ઉપયોગ કરો છો, તો તમારું ઉપકરણ Googleને તેના સ્થાન, સેન્સર (જેમ કે ઍક્સીલરોમીટર) અને નજીકનાં સેલ ટાવર અને વાઇ-ફાઇ ઍક્સેસ પૉઇન્ટ (જેમ કે MAC ઍડ્રેસ અને સિગ્નલ પ્રબળતા) વિશેની માહિતી મોકલે છે. આ બધી વસ્તુઓ તમારું સ્થાન નિર્ધારિત કરવામાં સહાય કરે છે. તમે Google સ્થાન સેવાઓને ચાલુ કરવા માટે તમારી ઉપકરણ સેટિંગનો ઉપયોગ કરી શકો છો. વધુ જાણો

## તમારા Google એકાઉન્ટ સાથે સિંક્રનાઇઝ કરેલ

જો તમે Chrome સિંક્રનાઇઝેશનને Google એકાઉન્ટ સાથે સક્ષમ કરેલ હોય, તો તમારો Chrome બ્રાઉઝિંગ ઇતિહાસ માત્ર તમારા એકાઉન્ટમાં જ સાચવવામાં આવશે. વધુ જાણો

## તમારી માહિતીની પ્રક્રિયા કરવા માટે જવાબદાર ડેટા કંટ્રોલર

આનો અર્થ છે Google આનુષંગિક જે તમારી માહિતીની પ્રક્રિયા કરવા માટે અને લાગુ થતા પ્રાઇવસી કાયદાનું પાલન કરવા માટે જવાબદાર છે.

## તૃતીય પક્ષો

ઉદાહરણ તરીકે, અમે અધિકારો ધારકોના કન્ટેન્ટનો અમારી સેવાઓ પર કેવી રીતે ઉપયોગ કરવામાં આવ્યો હતો તે વિશે તેમને ઉપયોગના આંકડાની જાણ કરવા માટે તમારી માહિતીની પ્રક્રિયા કરીએ છીએ. જો લોકો તમારું નામ શોધે તો પણ અમે તમારી માહિતીની પ્રક્રિયા કરી શકીએ છીએ અને તમારા વિશે સાર્વજનિક રૂપે ઉપલબ્ધ માહિતી ધરાવતી હોય એવી સાઇટ માટે શોધ પરિણામો પ્રદર્શિત કરી શકીએ છીએ.

## તેમના વતી જાહેરાત અને સંશોધન સેવાઓ

ઉદાહરણ તરીકે, જાહેરાતકર્તાઓ તેમના લોયલ્ટિ-કાર્ડ પ્રોગ્રામમાંથી ડેટા અપલોડ કરી શકે છે કે જેથી તેઓ તેમના જાહેરાત પ્રચારોના કાર્યપ્રદર્શનને બહેતર સમજી શકે. અમે જાહેરાતકર્તાઓને માત્ર એકીકૃત રિપોર્ટ પ્રદાન કરીએ છીએ કે જે લોકો વિશેની વ્યક્તિગત માહિતી પ્રગટ કરતો નથી.

## દુરુપયોગ શોધવો

જ્યારે અમને અમારી સિસ્ટમ પર અમારી પૉલિસીઓનું ઉલ્લંઘન કરતા સ્પામ, માલવેર, ગેરકાનૂની કન્ટેન્ટ (બાળકોનું જાતીય શોષણ અને શોષણ સંબંધિત મટિરિયલ સહિત) અને દુરુપયોગના અન્ય પ્રકારોની ભાળ મળે, ત્યારે અમે તમારું એકાઉન્ટ બંધ કરી શકીએ છીએ અથવા અન્ય યોગ્ય કાર્યવાહી કરી શકીએ છીએ. અમુક પરિસ્થિતિઓમાં, અમે યોગ્ય અધિકારીઓને પણ ઉલ્લંઘનની જાણ કરી શકીએ છીએ.

## દુરુપયોગ સામે રક્ષણ

ઉદાહરણ તરીકે, જો અમને લાગે તમારું એકાઉન્ટ જોખમમાં મુકાયેલ છે (તે સમયે અમે તમારા એકાઉન્ટનું રક્ષણ કરવા માટે પગલાં લેવામાં તમારી સહાય કરી શકીએ છીએ), તો સુરક્ષા જોખમો વિશેની માહિતી તમને સૂચિત કરવામાં અમારી સહાય કરવામાં સહાય કરી શકે છે.

## ફોન નંબર

જો તમે તમારા એકાઉન્ટમાં તમારો ફોન નંબર ઉમેરો છો, તો તમારી સેટિંગના આધારે બધી Google સેવાઓ પર અલગ-અલગ હેતુઓ માટે તેને ઉપયોગમાં લઈ શકાય છે. ઉદાહરણ તરીકે, તમારા ફોન નંબરનો ઉપયોગ જો તમે તમારો પાસવર્ડ ભૂલી જાઓ તો તમારા એકાઉન્ટને ઍક્સેસ કરવામાં તમને સહાય કરવા માટે, લોકોને તમને શોધવામાં અને તમારો સંપર્ક કરવામાં સહાય કરવા માટે અને તમે જુઓ છો તે જાહેરાતોને તમારાથી વધુ સંબંધિત બનાવવા માટે થઈ શકે છે. વધુ જાણો

## મનગમતી જાહેરાતો

તમે જાહેરાતકર્તાઓની માહિતીના આધારે પણ મનગમતી જાહેરાતો જોઈ શકો છો. જો તમે જાહેરાતકર્તાની વેબસાઇટ પરથી ખરીદી કરો છો, તો તેઓ તમને જાહેરાતો બતાવવા માટે તે મુલાકાત માહિતીનો ઉપયોગ કરી શકે છે. વધુ જાણો

## માહિતી લિંક કરી શકે છે

Google Analytics પ્રથમ-પક્ષ કુકી પર વિશ્વાસ કરે છે, એનો અર્થ એ છે કે કુકી Google Analytics ગ્રાહકો દ્વારા સેટ કરવામાં આવે છે. Google Analytics મારફતે જનરેટ કરેલ ડેટા, અમારી સિસ્ટમનો ઉપયોગ કરીને, Google Analytics ગ્રાહક અને Google દ્વારા અન્ય વેબસાઇટની મુલાકાતોથી સંબંધિત તૃતીય-પક્ષ કુકી સાથે લિંક થઈ શકે છે. ઉદાહરણ તરીકે, જાહેરાતકર્તા તેના Google Analytics ડેટાનો ઉપયોગ વધુ

સંબંધિત જાહેરાતો બનાવવા માટે અથવા તેના ટ્રાફિકને વધુ વિશ્લેષિત કરવા માટે કરવાનું ઇચ્છી શકે છે. વધુ જાણો

## યોગ્ય રીતે કાર્ય કરવા માટે કુકી પર વિશ્વાસ

ઉદાહરણ તરીકે, અમે ‘lbcs’ તરીકે ઓળખાતી એક કુકીનો ઉપયોગ કરીએ છીએ જે તમારા માટે એક બ્રાઉઝરમાં ઘણાં Google દસ્તાવેજ ખોલવાનું શક્ય બનાવે છે. આ કુકીને બ્લૉક કરવાથી Google દસ્તાવેજોને અપેક્ષા મુજબ કાર્ય કરવાથી અટકાવવામાં આવશે. વધુ જાણો

## યોગ્ય સંરક્ષણો

ઉદાહરણ તરીકે, અમે ડેટાને અનામિત અથવા એન્ક્રિપ્ટ કરી શકીએ છીએ કે જેથી તે તમારા વિશેની અન્ય માહિતીથી લિંક ન થાય તેની ખાતરી શકીએ. વધુ જાણો

## લોકો

ઉદાહરણ તરીકે, અમે વિનંતીનું મૂલ્યાંકન કરવા અને પારદર્શિતાની ખાતરી કરવા, જવાબદારીને બહેતર બનાવવા તથા આવી બાબતોમાં થતો દુરુપયોગ અને છેતરપિંડીને અટકાવવા માટે Googleનું કન્ટેન્ટ કાઢી નાખવાની પૉલિસીઓ અથવા લાગુ કાયદા હેઠળ, અમારી સેવાઓમાંથી કન્ટેન્ટને કાઢી નાખવાની વિનંતીઓ વિશેની માહિતી પર પ્રક્રિયા કરીએ છીએ.

## લોકોને લાભ પહોંચાડવા વિશે

ઉદાહરણ તરીકે, અમે લોકોને શિક્ષિત કરવા, સંશોધનની સુવિધા આપવા અને આ વિનંતીઓ વિશે પારદર્શિતા પ્રદાન કરવા માટે, અમારી સેવાઓમાંથી કન્ટેન્ટને કાઢી નાખવાની વિનંતીઓ વિશેની માહિતી પર પ્રક્રિયા કરીએ છીએ.

## વિશેષ ભાગીદારો

ઉદાહરણ તરીકે, અમે YouTube નિર્માતાઓને અને જાહેરાતકર્તાઓને કુકી અથવા તેના જેવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને તેમના YouTube વીડિઓ અને જાહેરાતો વિશે જાણવા માટે માપ કંપનીઓ સાથે કાર્ય કરવાની મંજૂરી આપીએ છીએ. બીજું ઉદાહરણ છે અમારા ખરીદી પેજ પરનાં વેપારીઓ, જેઓ તેમની પ્રોડક્ટ સૂચિઓ કેટલા અલગ-અલગ લોકો જુએ છે તે સમજવા માટે કુકીનો ઉપયોગ કરે છે. આ ભાગીદારો વિશે અને તેઓ તમારી માહિતીનો ઉપયોગ કેવી રીતે કરે છે તે વિશે વધુ જાણો.

## વિશેષ Google સેવાઓ

ઉદાહરણ તરીકે, તમે Bloggerમાંથી તમારો બ્લૉગ અથવા Google Sitesમાંથી તમારી પોતાની Google Siteને ડિલીટ કરી શકો છો. તમે Play Storeમાં ઍપ, ગેમ અને અન્ય કન્ટેન્ટ પર મૂકેલા હોય તે રિવ્યૂને પણ ડિલીટ કરી શકો છો.

## વિશ્વભરના સર્વર

ઉદાહરણ તરીકે, અમારા પ્રોડક્ટને વપરાશકર્તાઓ માટે નિરંતર રીતે ઉપલબ્ધ રાખવામાં સહાય માટે અમે વિશ્વભરમાં સ્થિત ડેટા કેન્દ્રોને સંચાલિત કરીએ છીએ.

## વૉઇસ અને ઑડિયોની માહિતી

ઉદાહરણ તરીકે, તમે પસંદ કરી શકો છો કે Google Search, Assistant અને Maps સાથે તમે ક્રિયાપ્રતિક્રિયા કરો ત્યારે રેકોર્ડ કરવામાં આવતા ઑડિયોને Google દ્વારા તમારા Google એકાઉન્ટમાં સાચવવામાં આવે કે નહીં. તમારું ડિવાઇસ “Ok Google” જેવા ઑડિયો ચાલુ કરવાના આદેશની ભાળ મેળવે તેમજ આ પ્રક્રિયા ચાલુ થાય, તેની થોડી સેકન્ડ પહેલાં જ Google તમારો વૉઇસ અને ઑડિયો રેકોર્ડ કરે છે. વધુ જાણો

## સંવેદનશીલ કૅટેગરી

તમને મનગમતી જાહેરાત બતાવતી વખતે, અમે તે વિષયોનો ઉપયોગ કરીએ છીએ કે જે અમને કદાચ તમારી પ્રવૃત્તિને આધારે તમારી સુચિનો હોય એવો લાગે. ઉદાહરણ તરીકે, તમે "રસોઈ અથવા રૅસિપિ" અથવા "હવાઈ યાત્રા” જેવી વસ્તુઓ માટેની જાહેરાતો જોઈ શકો છો. અમે જાતિ, ધર્મ, જાતીય અભિગમ અથવા આરોગ્ય જેવી સંવેદનશીલ કૅટેગરી પર આધારિત વિષયોનો ઉપયોગ કરતા નથી અથવા મનગમતી જાહેરાતો બતાવતા નથી. અને અમે અમારી સેવાઓનો ઉપયોગ કરનારા જાહેરાતકર્તાઓથી પણ આ જ અપેક્ષા રાખીએ છીએ.

## સામગ્રી અને જાહેરાતો જોવાયાની સંખ્યા અને ક્રિયા-પ્રતિક્રિયાઓ

ઉદાહરણ તરીકે, અમે જાહેરાતો જોવાયાની સંખ્યા અને તેની સાથેની ક્રિયાપ્રતિક્રિયાઓ વિશેની માહિતી એકત્રિત કરીએ છીએ જેથી અમે જાહેરાતકર્તાઓને, તમને અમે પેજ પર તેમની જાહેરાત આપી કે નહીં તે અને દર્શકો દ્વારા જાહેરાત સંભવિત રૂપે જોવાઈ હતી કે નહીં તે જણાવતી એકીકૃત રિપોર્ટ પ્રદાન કરી શકીએ. અમે અન્ય

ક્રિયાપ્રતિક્રિયાઓ પણ માપી શકીએ છીએ, જેમ કે તમે જાહેરાત પર તમારું માઉસ કેવી રીતે ફેરવો છો અથવા જેના પર જાહેરાત દેખાય છે તે પેજ સાથે તમે ક્રિયાપ્રતિક્રિયા કરો છો કે કેમ.

## સાર્વજનિક રીતે ઍક્સેસિબલ સૉર્સ

ઉદાહરણ તરીકે, અમે Google AI મૉડલને તાલીમ આપવામાં સહાય મેળવવા અને Google Translate, Bard અને Cloud AIની ક્ષમતાઓ જેવી સુવિધાઓ બનાવવા માટે, સાર્વજનિક રૂપે ઑનલાઇન ઉપલબ્ધ હોય એવી માહિતી અથવા અન્ય સાર્વજનિક સૉર્સમાંથી માહિતી એકત્રિત કરી શકીએ છીએ. અથવા, જો તમારા વ્યવસાયની માહિતી વેબસાઇટ પર દેખાતી હોય, તો અમે તેને અનુક્રમિત કરીને Googleની સેવાઓ પર બતાવી શકીએ છીએ.

## સુધારણા કરવી

ઉદાહરણ તરીકે, અમે કુકીનો ઉપયોગ લોકો અમારી સેવાઓ સાથે કેવી રીતે ક્રિયાપ્રતિક્રિયા કરે છે તેનું વિશ્લેષણ કરવા માટે કરીએ છીએ. અને તે વિશ્લેષણો અમને બહેતર પ્રોડક્ટ બનાવવામાં સહાય કરી શકે છે. ઉદાહરણ તરીકે, તે અમુક કાર્ય પૂર્ણ કરવામાં લોકોને વધુ સમય લાગી રહ્યો હોય અથવા તેમને બધા પગલાં સમાપ્ત કરવામાં સમસ્યા આવી રહી હોય તો તે શોધવામાં અમારી સહાય કરી શકે છે. પછી અમે તે સુવિધા ફરી ડિઝાઇન કરીને દરેક માટે પ્રોડક્ટને બહેતર બનાવી શકીએ છીએ.

## સુરક્ષા અને જવાબદારી

અમારી સેવાઓને સુરક્ષિત અને વિશ્વનીય રાખવામાં સહાય માટે અમે તમારી માહિતીનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ તેના અમુક ઉદાહરણોમાં નિમ્નલિખિત શામેલ છે:

- આપમેળે થતા દુરુપયોગ સામે રક્ષણ માટે IP ઍડ્રેસ અને કુકી એકત્રિત કરવા અને તેનું વિશ્લેષણ કરવા. આ દુરુપયોગ ઘણા રૂપો લે છે, જેમ કે Gmail વપરાશકર્તાઓને સ્પામ મોકલવા, જાહેરાતો પર કપટપૂર્ણ રીતે ક્લિક કરીને જાહેરાતકર્તાઓ પાસેથી નાણાં ચોરવા અથવા ડિસ્ટ્રિબ્યુટેડ ડિનાઅલ ઑફ સર્વિસ (DDoS) હુમલાને લૉન્ચ કરીને સામગ્રી કન્ટેન્ટ સેન્સર કરવું.
- Gmailમાં 'છેલ્લી એકાઉન્ટ પ્રવૃત્તિ' સુવિધા તમારી જાણ વિના તમારા ઇમેઇલને કોઈ વ્યક્તિ ઍક્સેસ કરે કે કેમ અને ક્યારે તે શોધવામાં તમારી સહાય કરી શકે છે. આ સુવિધા તમને Gmailની તાજેતરની પ્રવૃત્તિ વિશેની માહિતી બતાવે છે, જેમ કે તમારી મેઇલને ઍક્સેસ કરનાર IP ઍડ્રેસ, સંકળાયેલ સ્થાન તેમજ ઍક્સેસનો તારીખ અને સમય. વધુ જાણો

## હાલમાં ચર્ચિત મુદ્દાઓ બતાવવા

જ્યારે ઘણા લોકો કોઈ વસ્તુ શોધવાનું શરૂ કરે છે, ત્યારે તે સમયે તે ચોક્કસ ચર્ચિત મુદ્દાઓ વિશે ઉપયોગી માહિતી પ્રદાન કરી શકે છે. Google Trends, અમુક ચોક્કસ સમયે કેટલી શોધ કરવામાં આવી હતી તે શોધી કાઢવા માટે Google વેબ પર શોધનો નમૂનો આપે છે અને તે પરિણામોને સાર્વજનિક રીતે સમેકિત શબ્દોમાં શેર કરે છે. વધુ જાણો

## Google ઍપ સાથે Android ઉપકરણ

Google ઍપવાળા Android ઉપકરણોમાં Google અથવા અમારા કોઈ એક ભાગીદાર દ્વારા વેચાયેલ ઉપકરણો અને ફોન, કૅમેરા, વાહનો, પહેરવા યોગ્ય ઉપકરણો અને ટેલિવિઝનનો સમાવેશ થાય છે. આ ઉપકરણો Google Play સેવાઓ અને અગાઉથી ઇન્સ્ટૉલ કરેલ ઍપનો ઉપયોગ કરે છે જેમાં Gmail, નકશા, તમારા ફોનના કૅમેરા અને ફોન ડાયલર, ટેક્સ્ટ-ટુ-સ્પીચ રૂપાંતરણ, કીબોર્ડ ઇનપુટ અને સુરક્ષા સુવિધાઓનો સમાવેશ થાય છે. Google Play સેવાઓ વિશે વધુ જાણો.

## Google સાથે ભાગીદાર

જાહેરાતો બતાવવા માટે Google સાથે ભાગીદારી કરનાર 2 મિલિયન કરતાં વધુ નૉન-Google વેબસાઇટ અને ઍપ છે. વધુ જાણો